RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 154* Date: 02.04.2022 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### વડાપ્રધાન મોદીએ વિદ્યાર્થીઓને પરીક્ષા બાબતે માર્ગદર્શન આપ્યું

# પરીક્ષા એ જીવનનો એક ભાગ છે. એ નાના-નાના પડાવ છે. એનાથી ડરવું જોઈએ નહીં.

નવીદિલ્હી,તા.૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ‘પરીક્ષા પર ચર્ચા‘ દરમિયાન ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી છે. નવી દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમમાં આ કાર્યક્રમમાં મોદી ૧ હજાર વિદ્યાર્થી સાથે વાતચીત કરી છે.મોદીએ સૌપ્રથમ દેશભરના વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલા કેટલાક પ્રદર્શન પ્રોજેક્ટ્સ નિહાળ્યા હતા. આ દરમિયાન તેમણે બાળકોના ઓટોગ્રાફ પણ લીધા હતા. કાર્યક્રમની શરૂઆતમાં તેમણે કહ્યું હતું કે પરીક્ષાનું ટેન્શન ન હોવું જોઈએ. પરીક્ષાને તહેવાર બનાવી દઈશું તો એ રંગીન બની જશે. વડાપ્રધાન મોદીએ વિદ્યાર્થીઓ સાથે ૧૨૭ મિનિટ સુધી વાતચીત કરી હતી અને પરીક્ષામાં સારું પરિણામ મેળવવા માટે ઘણી બધી ટિપ્સ આપી હતી.વડાપ્રધાને વિદ્યાર્થીઓના સવાલ જવાબ આપ્યા હતાં તે આ પ્રમાણે હતાં

વિદ્યાર્થીનો સવાલ- બે વર્ષ ઓનલાઈન શિક્ષણ લેવાની સાથે વિદ્યાર્થીઓને સોશિયલ મીડિયા અને ગેમ્સની લત પડી ગઈ છે, એમાંથી કેવી રીતે બહાર નીકળવું

મોદીનો જવાબ : તમારી જાતને પૂછો કે તમે ઓનલાઈન રીડિંગ કરો છો, ત્યારે વાસ્તવમાં રીડિંગ કરો છો કે રીલ જુઓ છો. તમે સમજી ગયા છો કે મેં તમને પકડી લીધા છે. પ્રશ્ન ઓનલાઈન - ઓફલાઈનનો નથી. તમે ક્લાસરૂમમાં હશો તોપણ તમારો ચહેરો શિક્ષક સામે હશે, પણ મન બહાર હશે તો અહીં પણ આજ પ્રશ્ન થશે. માધ્યમ નહીં, મન સમસ્યા છે. માધ્યમ ઓનલાઈન હોય કે ઓફલાઈન હોય, પણ મારું મન એની સાથે જોડાયેલું હશે તો ઓનલાઈન-ઓફલાઈનનો કોઈ ફરક નહીં પડે. યુગ બદલાય તો માધ્યમ પણ બદલાશે. પહેલાં ગુરુકુળમાં તો પુસ્તકો પણ નહોતા. બાદમાં પુસ્તકો આવવા લાગ્યાં. આ પરિવર્તન સતત ચાલે છે. આજે આપણે ડિજિટલ ગેજેટના માધ્યમથી સરળતાથી વસ્તુઓ મેળવી રહ્યા છીએ. આને આપણે સમસ્યા નહીં, તક માનવી જોઈએ. ઓનલાઈન જ્ઞાન મેળવવાનું માધ્યમ છે.

મોદીએ કહ્યું હતું કે પરીક્ષા આપતાં-આપતાં આપણે એક્ઝામ પ્રૂફ બની ગયા છીએ, સ્ટ્રેસ લેવાની કોઈ જરૂર જ નથી. તેમણે બાળકોને કહ્યું હતું કે તેઓ આ વર્ષે એક નવું સાહસ કરવા જઈ રહ્યા છે. સમય મર્યાદા પૂરી થયા પછી પણ તેઓ વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ આપશે. આ માટે ટેક્સ્ટ, નમો એપ વગેરેની મદદ લેવામાં આવશે.

પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાઁ સ મોદીને પહેલો સવાલ દિલ્હીની વિદ્યાર્થિની ખુશીએ પૂછ્યો હતો. ખુશીએ પૂછ્યું કે પરીક્ષા દરમિયાન ડર અને સ્ટ્રેસનો સામનો કેવી રીતે કરવો?

પરીક્ષાના ડરના પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે પરીક્ષા એ જીવનનો એક ભાગ છે. એ નાના-નાના પડાવ છે. એનાથી ડરવું જોઈએ નહીં. તમે પહેલાં પણ પરીક્ષા આપી છે. આવા અનુભવોને તમારી શક્તિ બનાવો. તમે જે કરી રહ્યા છો એના પર વિશ્વાસ કરો. હવે પરીક્ષા આપતાં-આપતાં આપણે એક્ઝામ પ્રૂફ બની ગયા છીએ, એટલે સ્ટ્રેસ લેવાની કોઈ જ જરૂર નથી.

બીજો પ્રશ્ન વડાપ્રધાનને સોશિયલ મીડિયાના એડિક્શન અંગે પૂછવામાં આવ્યો હતો. જવાબમાં તેમણે કહ્યું હતું કે જ્યારે તમે ઓનલાઈન ભણો છો ત્યારે તમે ખરેખર ભણો છો. વાસ્તવમાં દોષ ઓનલાઈન અથવા ઑફલાઈનનો નથી. સમસ્યા મનની છે. ઘણી વખત જ્યારે શિક્ષક વર્ગમાં શીખવે છે, ત્યારે તમારું શરીર ત્યાં હોય છે અને તમારું મન બીજે ક્યાંક હોય છે. જો તમારે વાંચવું હોય, સમજવું હોય તો ધ્યાનથી ભણવું પડશે.

વિદ્યાર્થીઓ અને શિક્ષકો બંનેએ ઁવડાપ્રધાન મોદીને ઓનલાઈન શિક્ષણ પર પ્રશ્નો પૂછ્યા હતા. તેમણે કહ્યું હતું કે ઓનલાઈન શિક્ષણ પડકારજનક છે. તેએ કેવી રીતે સુધારવું? જવાબમાં વડાપ્રધાનએ કહ્યું, જ્યારે તમે ઓનલાઈન હોવ ત્યારે શું તમે




અભ્યાસ કરો છો અથવા રીલ્સ જુઓ છો? તેમણે વધુમાં કહ્યું હતું કે દોષ ઓનલાઈન કે ઓફલાઈનનો નથી. જ્યારે તમારું મન બીજે હોય ત્યારે સાંભળવાનું જ બંધ થઈ જાય છે. જે વસ્તુઓ ઑફલાઈન છે એ ઑફલાઈન પણ છે.

પીએમએ કહ્યું કે સમગ્ર વિશ્વમાં શિક્ષણની નીતિ ઘડતરમાં આટલા લોકોને સામેલ કરવા એ એક રેકોર્ડ છે. ગ્રામીણ, શહેરી, વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓના તમામ સ્તરે ચર્ચા અને સંશોધન કર્યા બાદ ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. આ પછી લોકોને મોકલીને લાખો ઈનપુટ લેવામાં આવ્યા હતા. જે બાદ તેને લાવવામાં આવી હતી. તેમાં રમતગમત ફરજીયાત કરવામાં આવ્યું છે. દેશના દરેક વર્ગે તેનું જોરદાર સ્વાગત કર્યું છે.

પીએમ મોદીએ કહ્યું કે ૨૦મી સદીની નીતિ અને વિચાર સાથે ૨૧મી સદીનું નિર્માણ કરવું અશક્ય છે. નવી શિક્ષણ નીતિના અમલમાં વિલંબને કારણે દેશને નુકસાન થયું છે. આ નીતિમાં વિદ્યાર્થીઓને વધુ તકો મળી છે. જો કોઈ વિદ્યાર્થીએ કોઈ કોર્સમાં એડમિશન લીધું હોય અને તેને લાગતું હોય કે તે કંઈક બીજું કરવા માંગે છે, તો તેના માટે નવી શિક્ષણ નીતિમાં એક તક છે.

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૩૩૫ કેસ,૫૨ દર્દીઓના મોત

નવીદિલ્હી,તા.૧

દેશમાં આજ કોરોના વાયરસ રોગચાળાના નવા કેસોમાં થોડો વધારો નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના ૧૩૩૫ નવા કેસ નોંધાયા છે અને ૫૨ લોકોના મોત થયા છે. ગઈકાલે કોરોનાના ૧૨૨૫ કેસ નોંધાયા હતા અને ૨૮ લોકોના મોત થયા હતા. જાણો દેશમાં કોરોનાની તાજેતરની સ્થિતિ શું છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, ગઈકાલે દેશમાં ૧ હજાર ૯૧૮ લોકો સાજા થયા હતા, ત્યારબાદ સક્રિય કેસની સંખ્યા ઘટીને ૧૩ હજાર ૬૭૨ થઈ ગઈ છે. તે જ સમયે, આ રોગચાળાને કારણે જીવ ગુમાવનારા લોકોની સંખ્યા વધીને ૫ લાખ ૨૧ હજાર ૧૮૧ થઈ ગઈ છે. માહિતી અનુસાર, અત્યાર સુધીમાં ૪ કરોડ ૨૪ લાખ ૯૦ હજાર ૯૨૨ લોકો ચેપ મુક્ત થઈ ચૂક્યા છે. દેશમાં અત્યાર સુધીમાં ૪ કરોડ ૩૦ લાખ ૨૫ હજાર ૭૭૫ લોકો કોરોનાથી સંક્રમિત થયા છે. દેશવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ, અત્યાર સુધીમાં એન્ટી-કોરોનાવાયરસ રસીના ૧૮૪ કરોડથી વધુ ડોઝ આપવામાં આવ્યા છે. ગઈકાલે ૨૩ લાખ ૫૭ હજાર ૯૧૭ ડોઝ આપવામાં આવ્યા હતા, ત્યારબાદ અત્યાર સુધીમાં રસીના ૧૮૪ કરોડ ૩૧ લાખ ૮૯ હજાર ૩૭૭ ડોઝ આપવામાં આવ્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૨ કરોડ (૨,૩૧,૭૧,૭૪૦) થી વધુ સાવચેતી રસી આરોગ્ય કર્મચારીઓ, કોરોના યોદ્ધાઓ અને અન્ય રોગોથી પીડિત ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને આપવામાં આવી છે. દેશમાં કોવિડ વિરોધી રસીકરણ અભિયાન ૧૬ જાન્યુઆરી, ૨૦૨૧ થી શરૂ થયું હતું અને પ્રથમ તબક્કામાં આરોગ્ય કર્મચારીઓને રસી આપવામાં આવી હતી. તે જ સમયે, કોરોના યોદ્ધાઓ માટે રસીકરણ અભિયાન ૨ ફેબ્રુઆરીથી શરૂ થયું હતું.

## એલપીજી ગેસ સિલિન્ડર ૨૫૦ રૂપિયા મોંઘો, ૨ મહિનામાં ૩૪૬ રૂપિયાનો વધારો

નવીદિલ્હી,તા.૧

દેશભરમાં આજથી એલપીજી સિલિન્ડરના નવા ભાવ જાહેર થઇ ગયા છે. આ વખતે એલપીજી ગેસ સિલિન્ડર ૨૫૦ રૂપિયા મોંઘો થઇ ગયો છે. જોકે આ વધારો કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો થયો છે. તો બીજી તરફ એલપીજીના ગ્રાહકોને રાહત મળી છે. હમણાં ૧૦ દિવસ પહેલાં ઘરેલૂ એલપીજી સિલિન્ડરના ભાવ વધ્યા હતા જ્યારે ૨૨ માર્ચના રોજ કોમર્શિયલ સિલિન્ડર સસ્તો થયો હતો.

લાંબા સમયથી પેટ્રોલ-ડીઝલ અને એલપીજી ગ્રાહકોને મોંઘવારીનો માર પડવાનું શરૂ થઇ ગયું હતું. ૨૨ માર્ચના રોજ સબસિડી વિનાના ઘરેલૂ એલપીજી સિલિન્ડરમાં ૫૦ રૂપિયાનો વધારો થયો છે. તમને જણાવી દઇએ કે ૧૯ કિલોવાળા કોમર્શિયલ એલપીજી સિલિન્ડર આજથી દિલ્હીમાં ૨૨૫૩ રૂપિયાનો મળશે.

બીજી તરફ કલકત્તામાં હવે આ ૨૦૮૭ રૂપિયાના બદલે ૨૩૫૧ રૂપિયા અને મુંબઇમાં ૧૯૯૫૫ ના બદલે ૨૨૦૫ રૂપિયામાં મળશે. ચેન્નઇમાં હવે આ સિલિન્ડર માટે ૨૧૩૮ રૂપિયાના બદલે ૨૪૦૬ રૂપિયા ખર્ચ કરવા પડશે. તમને જણાવી દઇએ કે કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં વધારા ઉપરાંત હવાઇ ઇંધણના ભાવમાં વધારો થયો છે. ૧ એપ્રિલના રોજ જેટ ફ્યૂલ એટલે કે એટીએફના ભાવ ૨ ટકા વધીને ૧,૧૨,૯૨૫ કિલોલીટર થઇ ગયા છે. પહેલાં ૧,૧૦, ૬૬૬ રૂપિયા કિલોલીટર હતા. તો બીજી તરફ નવા દર ૧૫ એપ્રિલ ૨૦૨૨થી લાગૂ થશે.

## ભારતની એકતા અને અખંડીતતા એ કોઈ એટલી નબળી નથી તે સ્લોગનથી તૂટી પડે : અલ્હાબાદ હાઈકોર્ટ



અલ્હાબાદ,તા.૧

દેશમાં સરકાર વિરોધી અને અનેક વખત હિન્દુ વિરોધી વલણ રહેનાર સામે રાષ્ટ્રદ્રોહની કલમ લગાવીને લાંબા સમય સુધી જેલમાં ગોંધી દેવાના શરુ થયેલા નવા સીલસીલામાં અલ્હાબાદ હાઈકોર્ટે એક મહત્વના ચુકાદામાં જણાવ્યું હતું કે ભારતની એકતા અને અખંડીતતા એ કોઈ એટલી નબળી નથી તે કોઇ એક સૂત્રથી તૂટી પડે અથવા તો બેન્ડ વળી જાય. વર્લ્ડ કપમાં ભારત અને પાકિસ્તાના સમયે સમયે પાકિસ્તાન ટીમની જીત બાદ સોશિયલ મીડિયામાં ચોક્કસ સંદેશા મુકનાર અરશીદ યુસુફ,ઈનાયત અસીફ શેખ તથા શૌકત અહેમદ ગનાઈ નામના આગરાનાં ત્રણ વ્યક્તિ જે છેલ્લા પાંચ માસથી જેલમાં હતાં તેમની જામીન અરજી મંજુર કરતાં હાઈકોર્ટે સરકારના આકરા વલણની ઝાટકણી કાઢી હતી અને જણાવ્યું હતું કે, ભારતની એકતા અને અખંડીતતા એટલી તકલાદી નથી કે ખાલી સ્લોગનથી તેને ક્ષતિ પહોંચે. તા.૨૬ ઓકટોબરના ભારત અને પાક.ના મેચ સમયે પાકિસ્તાનના વિજય પર આગરાની એન્જીનીયરીંગ કોલેજમાં ભણતા આ ત્રણ વિદ્યાર્થીઓએ ચોક્કસ પ્રકારના સ્લોગન મુકતા તેની સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ ત્રણેય વિદ્યાથીઓ કાશ્મીરના છે અને તેઓ વડાપ્રધાનની ખાસ સ્કોલરશીપ યોજના હેઠળ આગરામાં ભણી રહ્યાહતા.ગઇકાલે અલ્હાબાદ હાઈકોર્ટના મુખ્યન્યાયમૂર્તિ અજય ભનૌતે પોતાના ચુકાદામાં જણાવ્યું કે ભારતની એકતા એ કોઇ વાંસની પટ્ટીની બનેલી નથી. જે આ પ્રકારના સુત્રોચ્ચારથી બેન્ડ વળી જાય. આપણા દેશનો પાયો એ વધુ મજબૂત છે. દેશની એકતા એ એક અતૂટ સ્થિતિ છે. દેશના બંધારણના મુલ્યોએ એક મજબૂત ભારતનું સર્જન કર્યું છે અને દરેક ભારતીય તેના રક્ષક છે અને રાજ્યની ફરજ તેમાં વિશેષ છે પરંતુ વાસ્તવિકતા એ છે કે જે લોકો લાંબો પ્રવાસ કરીને દેશના અન્ય ભાગમાં આવતા હોય તેઓ માટે ઉજવણીનું કાંઇક માધ્યમ હોય છે.

ચોક્કસપણે દેશના બંધારણીય મુલ્યોને જાળવી રાખવા અને તેને આદર આપવાની દરેક નાગરિકની ફરજ છે અને ખાસકરીને જે યુવા ભારતીયો છે તેને આ બાબત વધુ લાગુ પડે છે.તેઓએ પોતાના ચૂકાદામાં ઈકબાલની એક કવિતા પણ લખીને કહ્યું કે સારા જહાં સે અચ્છા હિન્દુસ્તા હમારા....આ ભાવનાથી તમામ આગળ વધે છે.

આ વિદ્યાર્થીઓએ જામીન અરજી અદાલતે સીધી સ્વીકારી હતી કારણ કે આગરા બાર એસોસિએશન દ્વારા આ વિદ્યાર્થીઓને કોઇ પણ કાનૂની સહાય નહીં કરવાનો પ્રસ્તાવ કરાયો હતો પણ અદાલતે જણાવ્યું કે, ન્યાય દરેક માટે જરુરી છે. અને ધારાશાસ્ત્રીઓએ પણ જે કાયદા હેઠળ શપથ લીધા છે તેનું પાલન કરવું જરુરી છે અને તેમની પાસે જે આવે તેને ન્યાય મેળવવામાં મદદરુપ થવું પણ જરુરી છે.

## એપ્રિલમાં પણ ગરમી ગુજરાત-મહારાષ્ટ્ર સહિત ઉતર ભારત ખૂબ ’તપશે’

નવીદિલ્હી,તા. ૧

દેશના અનેક ભાગોમાં માર્ચ મહિનાથી જ શરુ થઇ ગયેલી ભીષણ ગરમી એપ્રિલ મહિનામાં વધુ કાળઝાળ બનવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. હવામાન ખાતાએ એપ્રિલ મહિના માટે કરેલી આગાહી પ્રમાણે ઉપર તથા મધ્ય ભાગમાં ભીષણ ગરમી-ઉંચા તાપમાનનો સિલસિલો યથાવત રહેશે. હવામાન વિભાગના નકશામાં મધ્ય ભારતમાં ગુજરાત તથા મહારાષ્ટ્ર તથા ઓડિશા પણ આવી જાય છે.

હવામાન ખાતાના રિપોર્ટ પ્રમાણે એપ્રિલ મહિનામાં પૂર્વોત્તર ભારતમાં તાપમાન નોર્મલથી ઉંચું રહેશે. જ્યારે દક્ષિણ તથા મધ્ય ભારતના પૂર્વીય ભાગોમાં નોર્મલથી નીચુ રહેશે. ઉત્તર પૂર્વના દક્ષિણ ભાગોમાં પણ તાપમાન સરેરાશથી નીચુ રહેવાની શક્યતા છે.

હવામાન વિભાગે એમ પણ કહ્યું છે કે, દેશમાં એપ્રિલ મહિનાનો વરસાદ એકંદરે સામાન્ય રહે તેમ છે છતાં ઉત્તર, મધ્ય અને પૂર્વોતર ભાગોમાં સરેરાશથી ઓછો રહેશે જ્યારે દક્ષિણ ભારત તથા પશ્ચિમ મધ્ય ભારતને સંલગ્ન ભાગો તથા પૂર્વોત્તર ક્ષેત્રોમાં સારો વરસાદ થઇ શકે છે.

હવામાન વિભાગે માર્ચ મહિના માટે ઉતર ભારતનું તાપમાન નોર્મલ કરતા નીચુ રહેવાની આગાહી કરી હતી તે ખોટી પડી હતી કારણ કે તાપમાન ઘણું ઉંચું રહ્યું હતું. હવામાન વિભાગના વડા મૃત્યુંજય મોહપાત્રાએ કહ્યું હતું કે, વેસ્ટર્ન ડીસ્ટર્બન્સનો ઉતર બાજુનો વધુ ઝુકાવતથા પશ્ર્ચિમી રાજસ્થાનમાં એન્ટી-સાયક્લોનિક સરક્યુલેશનથી તાપમાન વધી ગયું હતું.

હવામાન ખાતા દ્વારા હીટવેવ-અત્યાધિકતાપમાનની સ્થિતિનો સામનો કરવો લોકોને એલર્ટ રહેવા સુચવવામાં આવ્યું છે. ખુલ્લા તાપમાં બહાર નહીં નીકળવા, ખુલતા કપડા પહેરવા વગેરે સલાહ આપવામાં આવી છે.

### મોટી માત્રામાં હથિયારો પણ ઝડપાયા

## પુલવામામાં જૈશ-એ-મોહમ્મદના આતંકી સંગઠનના 3 સહયોગીઓની ધરપકડ કરાઇ

શ્રીનગર,તા.૧

જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષાદળો દ્વારા આતંકીઓ વિરુદ્ધ સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. કેન્દ્રશાસિત પ્રદેશ પુલવામામાં સુરક્ષા જવાનોને મોટી સફળતા મળી છે. સુરક્ષાકર્મીઓએ આજે શુક્રવારે ૩ આતંકવાદીઓના સહયોગીઓની ધરપકડ કરી છે. જેઓ આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે સંબંધિત છે. સુરક્ષાકર્મીઓએ આ આરોપીઓ પાસેથી મોટી માત્રામાં હથિયારો પણ જપ્ત કર્યા છે.

સુત્રોના જણાવ્યા અનુસાર કેન્દ્રશાસિત પ્રદેશના પુલવામા જિલ્લાની પોલીસે ૫૫ આરઆર અને ૧૮૨ / ૧૮૩ બીએન સીઆરપીએફ સાથે આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના ૩ આતંકવાદી સહયોગીઓની ધરપકડ કરી છે. પકડાયેલા આરોપીઓ જિલ્લામાં આતંકવાદીઓને લોજિસ્ટિક સપોર્ટ આપતા હતા. તેમની પાસેથી એક એકે રાઈફલ, ત્રણ મેગેઝીન અને ૬૯ એકે રાઉન્ડ મળી આવ્યા હતા.

આ પહેલા શુક્રવારે જમ્મુ-કાશ્મીરના શોપિયાં જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં એક આતંકવાદી માર્યો ગયો હતો. જેકે પોલીસના એક અધિકારીએ જણાવ્યું કે, સુરક્ષા દળો દ્વારા શોપિયન જિલ્લાના તુર્કવાંગમ વિસ્તારમાં આતંકવાદીઓની હાજરીની માહિતીના આધારે, ઘેરાબંધી અને સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે, જ્યારે આતંકવાદીઓએ સુરક્ષા દળો પર ગોળીબાર શરૂ કર્યો ત્યારે સર્ચ ઓપરેશન એક્કાઉન્ટરમાં ફેરવાઈ ગયું. અધિકારીના જણાવ્યા અનુસાર, સુરક્ષા દળોની જવાબી ગોળીબારમાં એક આતંકવાદી માર્યો ગયો હતો. પોલીસ અધિકારીએ કહ્યું કે, આતંકવાદીની ઓળખ મેળવવામાં આવી રહી છે અને તે ક્યા આતંકવાદી સંગઠન સાથે સંકળાયેલો હતો તેની તપાસ કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે અભિયાન હજુ પણ ચાલુ છે. એ જ રીતે બે દિવસ પહેલા બુધવારે શ્રીનગરના રૈનાવારી વિસ્તારમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચેની અથડામણમાં બે લશ્કર-એ-તૈયબાના આતંકવાદીઓ માર્યા ગયા હતા.એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, સુરક્ષા દળોએ મધ્યરાત્રિએ વિસ્તારને ઘેરી લીધા પછી સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું, જેના પછી ત્યાં એક્કાઉન્ટર શરૂ થયું હતું. કાશ્મીરના પોલીસ મહાનિરીક્ષક વિજય કુમારે કહ્યું કે, એક્કાઉન્ટરમાં બે આતંકવાદીઓ માર્યા ગયા. માર્યા ગયેલા આતંકવાદીઓમાંથી એક પાસે ‘મીડિયા ઓળખ કાર્ડ’ હતું.

તેણે ટ્વીટ દ્વારા જણાવ્યું કે, ‘માર્યા ગયેલા લશ્કરના એક આતંકવાદી પાસે ‘મીડિયા ઓળખ કાર્ડ’ હતું, જે સ્પષ્ટપણે મીડિયાનો દુરુપયોગ સૂચવે છે.બીજા આતંકીની ઓળખ હિલાલ અહેમદ તરીકે થઈ છે. ઓપરેશન વિશે માહિતી આપતા કુમારે કહ્યું કે શહેરના રૈનાવારી વિસ્તારમાં આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતી મળી હતી.

## તંત્રી સ્થાનેથી...

### ઈમરાનથી મોહભંગ



***પાકિસ્તાનમાં ઝડપથી બદલાતી રાજકીય પરિસ્થિતિઓ એ જ સંકેત કરી રહી છે કે વડાપ્રધાન ઇમરાન ખાને કોઈપણ સમયે સત્તાથી બહાર થવું પડી શકે છે. તેનું કારણ ફક્ત એ જ નથી કે તેમના સહયોગી એક-એક કરીને તેમનો સાથ છોડતા જાય છે, બલ્કે એ પણ છે કે એ સેનાએ તેમની મદદ કરવાનો ઇનકાર કરી દીધો, જે તેમને છળ-બળથી સત્તામાં લાવી હતી. ઇમરાન ખાન સત્તામાં બની રહેવા કે પછી તેનાથી હાથ ધોઈ બેસે, તેનાથી પાકિસ્તાનની હાલની જે કઠિન હાલત છે, તેમાં સુધારો થવાનો કોઈ અણસાર નથી. એટલા માટે, કારણ કે પાકિસ્તાને એક તરફ જ્યાં ખુદને ચીનના પિઠ્ઠુ તરીકે તબદીલ કરી દીધું છે, ત્યાં જ પોતાની સમસ્ત સમસ્યાઓ માટે પશ્ચિમને દોષ આપી રહ્યું છે. આ જ કારણ કે પશ્ચિમી દેશ અને ત્યાં સુધી કે અરબ જગત પણ તેનાથી અંતર રાખી રહ્યું છે. આર્થિક બદહાલીથી ખરાબ રીતે ગ્રસ્ત હોવા છતાં પણ પાકિસ્તાન તાલિબાનની તરફદારી કરી રહ્યું છે અને જાતજાતનાં આતંકી સંગઠનોને આશ્રય આપવાનું કામ પણ કરી રહ્યું છે. પાકિસ્તાનમાં સત્તામાં કોઈપણ રહે, તેણે પોતાની સેનાના હિસાબે જ ચાલવાનું હોય છે. જો તે એવું નહીં કરે, તેના એ જ હાલ થશે જેવા આસિફ ઝરદારી અને નવાઝ શરીફના થયા કે ઇમરાન ખાનના થવા જઈ રહ્યા છે!***

***ભલે પાકિસ્તાની સેના ઇમરાન ખાનથી મોહભંગ થઈ ગયો હોય, પરંતુ આપણે તેની અવગણના ન કરી શકીએ કે તે ભારત વિરુદ્ધ ન માત્ર આગ ઓકતા રહે, બલ્કે કાશ્મીર મુદ્દાને તૂલ પણ આપતા રહે. એ માનવાનાં પૂરતાં કારણ છે કે આ બધું પાકિસ્તાની સેના અને તેની ગુપ્તચર એજન્સીના સહયોગ-સમર્થનથી જ કરવામાં આવતું હતું. વાસ્તવમાં આ જ કારણે ભારતે સતર્ક રહેવું પડશે. તેની આશંકા છે કે પાકિસ્તાન નવેસરથી કાશ્મીરને અશાંત કરવાની કોશિશ કરી શકે છે. એ ઠીક છે કે એક અરસાથી સીમા પર સંઘર્ષવિરામ ચાલી રહ્યો છે, પરંતુ પાકિસ્તાન આધારિત આતંકી સંગઠન ન માત્ર કાશ્મીરનો માહોલ બગાડવાની વેતરણમાં છે, બલ્કે પોતાના હથિયારબંધ આતંકીઓની ઘૂસણખોરી કરાવવાની પણ કોશિશ કરતા રહે છે. એક એવા સમયે જ્યારે કાશ્મીરની હાલત ઝડપથી સુધરી રહી છે અને ત્યાંના લોકો પાકિસ્તાનના શેતાની ઇરાદાઓ સમજવા લાગ્યા છે, ત્યારે ભારતે ક્યાંય વધુ સાવધાન રહેવું પડશે. એની સાથે જ એ પણ સુનિશ્ચિત કરવું પડશે કે પાકિસ્તાન પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે કાશ્મીરમાં હસ્તક્ષેપ ન કરવા પામે. કાશ્મીરમાં કેટલી ઝડપથી હાલત સુધરી રહી છે, તેની ખબર ત્યાં પર્યટકોની વધતી સંખ્યાથી જ નહીં, રોકાણકારોની વધતી દિલચસ્પીથી પણ આવે છે. આ સિલસિલાને યથાવત રાખવો આપણી પહેલી પ્રાથમિકતા બનવી જોઈએ.***

# જીવના બંધન અને મોક્ષનું કારણ મન છે

આ જીવના બંધન અને મોક્ષનું કારણ મન ને જ માનવામાં આવ્યું છે.મન નિર્વિષય બને તો મુક્તિ અને મન વિષયી બને તો બંધન.મન જો વિષયોમાં આસક્ત થાય તો બંધનનું કારણ બને છે પણ એ જ મન જો પરમાત્મામાં અનુરાગી બને તો મોક્ષનું કારણ બને છે.આ મન જ્યારે હું-પણા મારા-પણાનું કારણ એવા કામ ક્રોધ વગેરે વિકારોથી મુક્ત અને શુદ્ધ થઇ જાય છે ત્યારે તે સુખ અને દુઃખમાંથી છુટીને સમ-અવસ્થામાં આવી જાય છે.જગત બગડ્યું નથી,મન બગડ્યું છે.મન વિષયોનું ચિંતન કરે તો શત્રુ છે અને પરમાત્માનું ચિંતન કરે તો મિત્ર છે.જે મન બંધન કરે છે તે જ મન મુક્તિ આપે છે.

જેવી રીતે ઢીમર(માછીમાર) માછલીઓને પકડવા માટે નદીમાં જાળ નાખે છે તો જાળની અંદર આવવાવાળી તમામ માછલીઓ પકડાઇ જાય છે પરંતુ જે માછલી જાળ નાખવાવાળા માછીમારના ચરણોની પાસે આવી જાય છે તે પકડાતી નથી તેવી જ રીતે ભગવાનની માયા(સંસાર)માં મમતા કરીને જીવો ફસાઇ જાય છે અને જન્મ-મરણના ચક્કરમાં ફરતા રહે છે પરંતુ જે જીવો માયાપતિ પરમાત્માને જાણીને,માનીને તેમના શરણમાં આવી જાય છે તેઓ માયાને તરી જાય છે.

માનવ શરીરમાં મન જ સમ્રાટ છે.શરીરના તમામ અવયવો મનના ઈશારે જ કામ કરે છે.એકવાર એક વ્યક્તિ પૂજા કરી રહ્યો હતો,તેના હાથમાં માળા ફરી રહી હતી,જીભથી પ્રભુ નામનો જપ થઇ રહ્યો હતો,તેની બિલ્કુલ સામે તેના ફાટેલા બૂટ પડ્યા હતા,રસોડામાં તેની પૂત્રી રસોઇ બનાવી રહી હતી કે જે બ્રહ્મજ્ઞાની હતી,તે જ સમયે તેના પિતાશ્રીને મળવા કોઇ આગંતુક આવે છે અને તેના પિતાશ્રીના વિશે પૂછતાં પૂત્રીએ જવાબ આપ્યો કે મારા પિતાશ્રી તો ઘેર નથી તેઓ મોચીને ત્યાં તેમના ફાટેલા બૂટ રીપેર કરાવવા માટે ગયા



વિનોદભાઈ માછી નિરંકારી

છે, તે આગંતુકના ગયા બાદ પૂજા પુરી થતાં તેના પિતાશ્રી ગુસ્સામાં આવી પૂત્રીને કહે છે કે તૂં જુઠું કેમ બોલી? હું તો પૂજાખંડમાં પૂજા કરી રહ્યો હતો.પૂત્રીએ નમ્રતાપૂર્વક જવાબ આપ્યો કે પિતાશ્રી ! આપનું શરીર ભલે પૂજાખંડમાં હતું પરંતુ આપનું મન ફાટી ગયેલા બૂટને રીપેર કરાવવા મોચીને ત્યાં ગયું હતું તો પછી હું જુઠું ક્યાં બોલી !

મનને આધીન રહેશો તો એ શત્રુ છે મનને આધીન કરશો તો એ મિત્ર છે.મન એ પાણી જેવું છે, પાણી જેમ ખાડા તરફ જાય છે તેમ વિના કારણ મન પણ નીચે ખાડામાં જાય છે.પાપ કરવાની કોઈને પ્રેરણા કરવી પડતી નથી ત્યારે પુણ્ય કરવાની પ્રેરણા કરવી પડે છે.મન અધોગામી છે.જે મન પ્રભુ પાસે જતું નથી તે મન ખાડામાં જ પડે છે.મન વિના કારણ પરસ્ત્રી,પરધનનું ચિંતન કરે છે.આ બંગલો બહુ સુંદર છે.બંગલો બહુ સુંદર છે પણ તને કોઈ આપવાનું છે? આસક્તિપૂર્વક પર-સંપત્તિનું ચિંતન કરવું એ માનસિક પાપ છે.નિશ્ચય કરો કે જે વસ્તુ મારી નથી,જે વસ્તુ સાથે મારો સંબંધ નથી તેનું ચિંતન શા માટે કરવું? પાણી જેવું અધોગામી મન નીચેની તરફ જાય છે,ઉંચે ચડતું નથી.આ મનને ઉપરની બાજુ પ્રભુના ચરણ સુધી લઇ જવા શું કરવું? પાણીને યંત્ર-મોટરનો સંગ થાય તો પાણી પાંચમા માળ સુધી ચડે છે તેમ મનને મંત્રનો સંગ આપો, પાણીને યંત્રનો તો મનને મંત્રનો સંગ.મનને મંત્રનો સંગ થાય તો તે ઉર્ધ્વગામી બનશે. પ્રભુના ચરણ સુધી પહોચશે.મનને સુધારવા બીજું કોઈ સાધન નથી.

મનને સ્થિર કરવા નામ-સુમિરણની આવશ્યકતા છે.સુમિરણથી મનની મલિનતા અને ચંચળતા દૂર થાય છે માટે સદગુરૂએ આપેલ બીજ-મંત્રનું સુમિરણ કરો.પરમાત્માના કોઈ પણ નામનો દૃઢ આશ્રય કરો.મનશુદ્ધિ મંત્ર વગર થતી નથી.ધ્યાન સાથે સુમિરણ કરો.લૌકિક વાસનામાં ફસાયેલું મન બગડે છે,અલૌકિક વાસનામાં મન ફસાય તો મન સુધરે છે.કોઈ વ્યક્તિને મળવાની વાસના એ મનને બગાડે છે. પરમાત્માને મળવાની વાસના મનને સુધારે છે.વાસનાનો નાશ વાસનાથી જ થાય છે.

જે શસ્ત્રથી હિંસા થાય છે તે જ શસ્ત્રથી જીવન મળે છે.ડોક્ટરો વાઢ-કાપના શસ્ત્રોથી જીવન આપે છે. કાંટાથી જે રીતે કાંટો કઢાય છે તેજ રીતે અસદ-વાસનાનો વિનાશ સદ-વાસનાથી થાય છે.લૌકિક વાસના (જગતની વાસના)માં ફસાયેલું મન અલૌકિક વાસના(પ્રભુની વાસના)માં ફસાય તેને જ ભક્તિ કહે છે.આપણા મનને સાચવવાનું છે.મનને કોઈ મંત્રમાં રાખવાનું છે.જે.મન કોઈ પાપ કરે તો તેને સજા કરવાની છે.મનથી પાપ થાય તો તે મન પ્રભુમાં સ્થિર રહેતું નથી.ઉદાહરણથી આ વાત સમજવાનો પ્રયત્ન કરીએ.

એક રાજાને ત્યાં એક બકરો હતો.રાજાએ એક વખત જાહેર કર્યું કે આ બકરાને પેટ ભરીને જંગલમાંથી ચરાવી લાવી તૃપ્ત કરશે તેને પેટ ભરીને ખવડાવશે, તેને હું મારૂં અડધું રાજ્ય આપીશ. બકરાનું પણ પેટ ભરાયું છે કે નહિ તેની પરીક્ષા હું જાતે કરીશ.જાહેરાત સાંભળી એક માણસ રાજા પાસે આવ્યો. બકરાને પેટ ભરીને ખવડાવવું એમાં શી મોટી વાત છે? એમ કહી રાજા પાસેથી બકરો લઇ ગયો. આખો દિવસ બકરાને ખુબ ખવડાવ્યું.સાંજ પડી એટલે તે માણસને લાગ્યું કે આજે તો બહુ ચરાવ્યો છે એટલે બકરાને લઇ રાજા પાસે આવ્યો.રાજાએ જ્યાં થોડું લીલું ઘાસ બકરા પાસે મુક્યું કે બકરો ઘાસ ખાવા માંડ્યો. રાજા કહે છે કે તેં ક્યાં પેટ ભરીને ખવડાવ્યું છે? પેટ ભરીને જો ખવડાવ્યું હોત તો બકરો ઘાસ ખાય જ નહિ.

આવી જ રીતે ઘણા માણસોએ પ્રયત્ન કરી જોયા. બકરાને ખુબ ખવડાવે પણ જ્યાં દરબારમાં લાવે અને રાજા બકરાને ઘાસ નાખે એટલે બકરો ઘાસ ખાવા માંડે.તેના પેટમાં અજીરણ થયું હોય તો પણ ઘાસમાં મોઢું નાખે.બકરાને એવી આદત હતી ટેવ હતી કે ઘાસ દેખાય એટલે મોઢું નાખવું. એક બુદ્ધિશાળી માણસને લાગ્યું કે રાજાની આ જાહેરાત પાછળ રહસ્ય છે,તત્વ છે.હું યુક્તિથી કામ લઈશ. તે બકરાને ચરાવવા લઇ ગયો.બકરો જ્યાં ઘાસ ખાવા જાય કે તરત તેના મોઢા પર લાકડીનો ફટકો મારે.બકરાએ જેટલી વાર ઘાસ ખાવા પ્રયત્ન કર્યો તેટલી વાર લાકડીના ફટકા મોઢા પર પડ્યા. અંતે બકરાને ઠસી ગયું કે ઘાસમાં મોઢું નાખીશ તો માર પડશે.આખો દિવસ બકરાને જે માર પડ્યો, તે ઘાસમાં મોઢું નાખવાનું ભૂલી ગયો.સાંજના બકરાને લઇ તે માણસ રાજા પાસે આવ્યો.બકરાને બિલકુલ ઘાસ ખવડાવ્યું નહોતું છતાં રાજાને કહે છે કે મેં આજે એને પેટ ભરીને ખવડાવ્યું છે.આપ પરીક્ષા કરી જુઓ.રાજાએ ઘાસ નાખ્યું પણ બકરાએ મોં ફેરવી લીધું.ઘાસ તરફ જોતો પણ નથી. બકરાના મનમાં ઠસી ગયું હતું કે ઘાસ ખાવા જઈશ તો માર પડશે.બકરો ઘાસ ખાતો નથી.

અહીં બકરો એ બીજું કોઈ નહિ પણ ×મન એ જ બકરો છે.× આ મન બકરા જેવું છે.બકરાને ચરાવવા લઇ જનારો એ ‘જીવાત્મા‘ છે.રાજા એ પરમાત્મા છે.બકરો મેં મેં કરે છે તેવી જ રીતે મનુષ્યનું મન પણ મેં મેં કરે છે.આ મારૂં આ હું આ તારૂં.. આ મનરૂપી બકરાને કોઈ પેટ ભરી ખવડાવી શકે નહિ.આ મનરૂપી બકરાને બહુ ખવડાવશો પણ તે કોઈ દિવસ ધરાશે નહિ.તેને માર પડશે તો જ તે માનશે.મનને મારો, તેના પર અંકુશ રાખો.મન સુધરે તો જીવન સુધરે.મનને વિવેકરૂપી લાકડીથી રોજ મારો. જીવને તૃપ્તિ ભોગમાં નથી,તૃપ્તિ ત્યાગમાં છે.ગીતામાં લખ્યું છે કે ×આ ચંચળ મનને અભ્યાસ અને વૈરાગ્યથી વશ કરી શકાય છે.× અનાદિકાળથી આ મન સંસારમાં ભટકતું આવ્યું છે, કુસંગથી મન બગડે છે,સત્સંગથી મન સુધરે છે.પ્રભુ પ્રેમમાં રંગાયેલા સંતોનો વારંવાર સત્સંગ મનને સુધારે છે.

×એક બોધ કથા છે કે એક વ્યક્તિ રૂમમાં બેસીને દિવાલ ઉપર લટકાવેલ ઘડીયાળમાંથી નિરંતર આવતો ટક ટક અવાજ અવાજ સાંભળી રહ્યો હતો એટલામાં ફળીયામાંથી જ જોરશોરથી બેન્ડ વાજાંનો અવાજ કાને પડ્યો.જેથી તેમની ઘડીયાળની ટક ટક સંભળાવવાની બંધ થઇ ગઇ.ભયભીત થઇને તેમને નોકરને બોલાવીને પૂછ્યું કે આ ઘડીયાળની ટક ટક સંભળાતી બંધ કેમ થઇ ગઇ છે? તપાસ કરો કે તે ચાલુ છે કે બંધ પડી ગઇ છે? નોકરે ધ્યાનથી ઘડીયાળ તરફ જોઇને કહ્યું કે ઘડીયાળ તો ચાલુ છે પરંતુ બહાર ઘણો જ ઘોઘાટ હોવાથી ઘડીયાળની ટક ટક તમોને સંભળાતી નથી.×આ બોધકથામાં રૂમ એ આપણું મન છે.તેની અંદર પરમાત્માની ધ્વનિ નિરંતર ચાલુ જ છે પરંતુ તે ધ્વનિને બહારની ઇચ્છાઓ અને વાસનાઓના વાજાંના અવાજે દબાવી દીધી છે.અંદરનાં પટ ત્યારે જ ખુલે છે કે જયારે બહારના પટ બંધ થાય છે.બહારના પટનો અર્થ છે વિષયોનો પરીત્યાગ,ઇચ્છા રહિત જીવન કે જે સહજમાં પ્રાપ્ત થતું નથી કારણ કે આ ઇચ્છાઓનો સબંધ અનેક વાસનાઓની સાથે છે.આ વાસનાઓ જ કર્મનું મૂળ છે.દીવામાં તેલ હોય ત્યાં સુધી દીવો બળે છે, દીવાનું તેલ ખૂટે એટલે દીવો શાંત બને છે તે પ્રમાણે જ મનમાં સંસાર હોય ત્યાં સુધી જ મન બળે છે.મનમાં સંસાર ના રહે તો મન શાંત થાય છે. બહારનો સંસાર દુઃખ આપતો નથી પણ મનમાં રહેલો સંસાર દુઃખ આપે છે. નિંદ્રામાં જેમ મન નિર્વિષય થાય છે તેવું જ જો જાગ્રત અવસ્થામાં પણ મન નિર્વિષય રહે તો શાંતિ મળે છે.નિંદ્રામાં જેવું નિર્વિષય મન રહે છે તેવું મન બનાવવું હોય તો મનના વિકારોને બહાર ધકેલી દો કે મનમાં બીજું કાંઇક ભરો જેમ કે મનને પરમાત્માના પ્રેમથી ભરી દો એટલે ત્યાં રહેલો સંસાર નીકળી જશે.

આ ઇન્દ્રિયો વિષયનું ચિંતન કરે છે એટલે મન તેમાં ફસાય છે.મન હવે તે વિષયોનું ચિંતન કરતાં કરતાં વિષયાકાર બને છે.વિષયો જયારે મનમાં પ્રવેશે છે એટલે અહંતા-મમતા આવે છે.મન જયારે માને છે કે આ મારો છે ત્યારે સુખ થાય છે અને પછી મન તેની જોડે મમતા કરે છે અને મનુષ્યને માર ખવડાવે છે.બહિર્મુખ (બહાર ભટકતું) મન જયારે અંતર્મુખ બને,એકાગ્ર થાય ત્યારે આત્માનું તેમાં પ્રતિબિંબ પડે છે અને જ્યાં સુધી મનની એકાગ્રતા રહે ત્યાં સુધી આનંદનો ભાસ થાય છે પણ મન ચંચળ છે, જેવા મનમાં તરંગ થયા, જેવું મન વ્યગ્ર થયું કે તે આનંદ ઉડી જાય છે. આનંદ એ આત્માનું સહજ સ્વરૂપ છે, જેવી રીતે પાણીની શીતળતા તેનું સહજ સ્વરૂપ છે તેમ પાણીને અગ્નિ અડે તો તે ગરમ થાય છે પણ અગ્નિ દૂર જવાથી પાછું ઠંડું થાય છે એમ આનંદ આત્મામાં જ છે અંદર જ છે અને જો આત્મા અને પરમાત્માનું મિલન થાય તો પરમાનંદ છે.

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી
૯૭૨૬૧૬૬૦૭૫

# કેલિફોર્નિયામાં આંતરરાષ્ટ્રીય કળા મહોત્સવ ’જૂઈ- મેળો ’ ૨૦૨૨ ની શાનદાર ઉજવણી

વિશ્વભારતી સંસ્થાન ,અમદાવાદ( ગુજરાત ,ભારત )દ્વારા તારીખ ૨૬ માર્ચ ૨૦૨૨ શનિવારે કેલિફોર્નિયામાં ભારતીય સ્ત્રી સાહિત્યકારો અને કલાકારો માટેના આંતરરાષ્ટ્રીય સાહિત્ય અને કલા મહોત્સવ ‘જૂઈ- મેળો ‘ ૨૦૨૨ નું શાનદાર અને સફળ આયોજન થયું હતું .વિશ્વભારતી સંસ્થાન અમદાવાદ ,શિક્ષણ,સેવા,કલા,સાહિત્ય,પર્યાવરણ અને સંશોધનને વરેલું ટ્રસ્ટ છે.૨૦૧૮ થી ડૉ.ઉષાબહેન ઉપાધ્યાયનાં માર્ગદર્શન હેઠળ આ ટ્રસ્ટ નારીચેતના અને નારીની સર્જનાત્મક શક્તિને ઉજાગર કરવા અનેક કાર્યક્રમ ભારત અને વિશ્વમાં કરી રહ્યું છે. સુવિખ્યાત કવયિત્રી અને ‘જૂઈ- મેળો ‘ ના સ્થાપક ડૉ.ઉષા ઉપાધ્યાયના માર્ગદર્શન નીચે વિશ્વભારતી સંસ્થાન દર વર્ષે માર્ચ મહિનામાં ‘જૂઈ- મેળો ‘નું વાર્ષિક સંમેલન યોજે છે .અમદાવાદ ,ભાવનગર અને દિલ્હીમાં રાષ્ટ્રીય કક્ષાએ સફળ સંમેલનો યોજ્યા પછી તાજેતરમાં અમેરિકામાં કેલિફોર્નિયાના મિલપિટાસમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ‘જૂઈ- મેળો ‘ના વાર્ષિક સંમેલનનું આયોજન થયું હતું .મિલપિટાસમાં આઈ. સી.સી. સેન્ટરના સભાગૃહમાં યોજાયેલા આ કાર્યક્રમની ઉદ્ઘાટન બેઠકના આરંભે જિગીષા પંડ્યાએ મહેમાનોનું ભાવપૂર્વક સ્વાગત કર્યું હતું .ત્યાર બાદ વિશ્વવિખ્યાત હિન્દી સાહિત્યકાર શ્રી ચિત્રા મુગદલજીએ ‘ જૂઈ - મેળો ‘ ને આંતરરાષ્ટ્રીય ફલક પર લઈ જવા માટે પાઠવેલા પ્રેરણાત્મક શુભેચ્છા સંદેશ તથા અન્ય મહાનુભાવોએ પાઠવેલા શુભેચ્છા સંદેશની રજૂઆત થઈ હતી. ‘જૂઈ- મેળો ‘ના સ્થાપક કવયિત્રી ઉષા ઉપાધ્યાયે એમના વ્યાખ્યાનમાં જણાવ્યું હતું કે સાહિત્ય, કલા અને સંસ્કૃતિના વિકાસમાં આરંભથી જ સ્ત્રીઓનું ખૂબ મહત્વપૂર્ણ પ્રદાન રહ્યું છે, પરંતુ ઈતિહાસમાં એની યોગ્ય નોંધ લેવાઈ નથી. આ સ્થિતિમાં ભારતીય સ્ત્રી સાહિત્યકારો અને કલાકારોની ઉત્કૃષ્ટ કલાને સમાજ સુધી પહોંચાડવા તથા નવોદિતોને પ્રેરણા મળે એ હેતુથી દર વર્ષે માર્ચ મહિનામાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ‘જૂઈ- મેળો‘ યોજાય છે. આ સંમેલનનું ઉદ્ઘાટન હિન્દી ભાષાના વિશ્વ વિખ્યાત ડાયસ્પોરા લેખિકા અને જ્યોતિષાચાર્ય ડૉ. અનિતા કપૂરે કર્યું હતું .એમણે ભારતીય લેખિકાઓના સાહિત્યને એક મંચ ઉપર પ્રસ્તુત કરતા આ કાર્યક્રમની પ્રશંશા કરી હતી અને શુભેચ્છા પાઠવી હતી. ઉદ્ઘાટન બેઠકમાં અતિથિ વિશેષ તરીકે કેલિફોર્નિયાની સેનેટના સેનેટર શ્રી બોબ, કેલિફોર્નિયા લેજિસ્લેટિવ એસેમ્બલીના સદસ્ય શ્રી એલેક્સ લી, ફ્રીમોન્ટના નાયબ મેયર ડૉ.રાજ સલવાન, જી.સી.એ.ના પ્રેસિડેન્ટ શ્રી મહેશ પટેલ, હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન,યુ.એસ.એ.ના પ્રેસિડેન્ટ શ્રી કિરીટ શાહ ઉપસ્થિત રહ્યા હતા. ઉષાબહેને તેમનું સ્વાગત કરીને સન્માન્યા હતા.મહેમાનોએ એમના પ્રાસંગિક વક્તવ્યમાં મહિલા સશક્તિકરણ, ભારતીય કળા, સંસ્કૃતિ અને ભારતીય ભાષાઓની જાળવણી તેમજ વિકાસ માટે વિશ્વભારતી સંસ્થા દ્વારા થતી પ્રવૃત્તિઓની પ્રશંસા કરી હતી . એમણે પોતાનાં વક્તવ્યોમાં ‘જૂઈ- મેળો‘ ના આયોજનથી ઉષાબહેને મહિલા સશક્તિકરણ માટે કરેલાં ખૂબ સુંદર કાર્યની સમાજમાં નોંધ લેવાઈ છે તેમજ લોકો તેને આજે અને આવતી કાલે પણ યાદ રાખશે તેમ કહ્યું હતું. કલા અને સાહિત્યની આ પ્રવૃત્તિ સમાજ અને સંસ્કૃતિની જાળવણી માટે ખૂબ જરૂરી છે તેમ પણ એમણે જણાવ્યું હતું.એમણે કેલિફોર્નિયામાં ભારતીય સ્ત્રી સાહિત્યકારો તથા કલાકારોને એક સમન્વિત મંચ પૂરો પાડતા ‘ઇન્ટરનેશનલ લિટરેચર ફેસ્ટિવલ ફોર વુમન :‘જૂઈ- મેળો‘ ૨૦૨૨ના શાનદાર આયોજન કરવા માટે વિશ્વભારતી સંસ્થાનને અભિનંદન આપીને કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી. ઉદ્ઘાટન સત્રમાં કેલિફોર્નિયાની સેનેટના સદસ્ય શ્રી બોબ વિકોન્સિવ તથા કેલિફોર્નિયા લેજિસ્લેટિવ એસેમ્બલીના સદસ્ય શ્રી એલેક્સ લીએ ભારતીય સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રે ડૉ.ઉષા ઉપાધ્યાયે આપેલી સુદીર્ઘ સેવા અને મૂલ્યવાન પ્રદાનને બિરદાવીને એમને સન્માનપત્ર એનાયત કરી એમનું સન્માન કર્યું હતું. ત્યાર બાદ વિશ્વભારતી સંસ્થાન દ્વારા બે એરિયાના પ્રસિદ્ધ સ્વરકાર અને ગાયક કલાકારો સર્વશ્રી દર્શના ભુતા શુક્લ, અસીમ મહેતા, માધવી મહેતા ,અચલ અંજારિયા , આનલ અંજારિયા અને હેતલ જાગીરદાર બ્રહ્મભટ્ટ, સાહિત્યકાર પ્રજ્ઞા દાદભાવાલા અને જિગીશા પટેલ, કળાસંવર્ધકો અને ગુજરાતી સમાજના અગ્રણીઓ સર્વશ્રી ઉર્વશીબહેન અને સુરેશભાઈ પટેલ, મનીષાબહેન પ્રતાપભાઈ પંડ્યા,મહેશ પટેલ, રાજ દેસાઈ ,સ્મિતાબહેન અને કિરીટભાઈ શાહ, જયશ્રી ભક્તા,જાગૃતિ દેસાઈ તથા તેજસ્વી વિદ્યાર્થિની વૈશાલી ગૌરવ શાહનું સન્માનપત્ર અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું.

બીજી બેઠક બહુભાષી કવયિત્રી સંમેલનમાં બે એરિયામાં વસતા હિન્દી કવયિત્રીઓ ડૉ. અનિતા કપૂર, મંજુ મિશ્ર ડૉ.અર્ચના પાંડા તથા શોનાલી શ્રીવાસ્તવ ; મરાઠી કવયિત્રી ડૉ.અનિતા કાન્ત ,અંગ્રેજી કવયિત્રી અલ્પા શાહ તથા ગુજરાતી કવયિત્રીઓ સપના વિજાપુરા, દર્શના વરિયા નાડકર્ણી ,પ્રજ્ઞા દાદભાવાલા ,અને જિગીશા પટેલે કાવ્યપઠન કર્યું હતું. આ ઉપરાંત ભારતી વોરાએ બ્રિટનથી, દેવિકા ધ્રુવે હ્યુસ્ટનથી તેમજ સંસ્કૃત ભાષાના કવયિત્રી ડૉ. રીતા ત્રિવેદીએ સુરતથી ઓનલાઈન કાવ્યપઠન કર્યું હતું. આ કવયિત્રીઓએ પોતપોતાનાં આગવા અંદાજમાં કાવ્યપઠન કરી ભારતની વિવિધ ભાષાઓને અમેરિકામાં જીવંત રીતે પ્રત્યક્ષ કરી આપી હતી.

લલિત કલાઓના સમન્વિત મંચ ‘જૂઈ- મેળો‘ ની અંતિમ બેઠક સંગીતની પ્રસ્તુતિની હતી.આ બેઠકમાં સુપ્રસિદ્ધ સ્વરકાર અને બેએરિયાની કોકિલકંઠી ગાયિકા આનલ અંજારિયા, નવોદિત કલાકારો આરુષિ અંજારિયા અને શ્રાવ્યા અંજારિયા તેમજ યુવા ગાયિકા વાગ્મી કચ્છીએ પન્ના નાયક ,મેઘલતા મહેતા, ઉષા ઉપાધ્યાય અને લક્ષ્મી ડોબરિયાની કવિતાઓની સુમધુર પ્રસ્તુતિ કરી હતી અને સુંદર ગીતોથી વાતાવરણને સંગીતસભર કરી દીધું હતું.

આ આંતરરાષ્ટ્રીય કળા મહોત્સવની સફળતા માટે અમેરિકાના જુદાજુદા રાજ્યોની વિવિધ ગુજરાતી સંસ્થાઓએ શુભેચ્છા પાઠવી હતી.સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન સુપ્રસિદ્ધ સ્વરકાર અને ગાયક શ્રીમતી આનલ અંજારિયાએ કર્યું હતું .વિશ્વભારતી સંસ્થાનનાં સેક્રેટરી કૌશલ ઉપાધ્યાયે સમગ્ર કાર્યક્રમનાં આયોજનનો કાર્યભાર સુપેરે સંભાળ્યો હતો.

કાર્યક્રમનું ટેકનિકલ સંચાલન શ્રી અચલ અંજારિયા અને શ્રી નિમેષ અનારકટે સંભાળ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સર્વશ્રી મનીષાબહેન પ્રતાપભાઈ પંડ્યા ,ઉર્વશીબહેન સુરેશભાઈ પટેલ, કિરીટભાઈ શાહ ,રાજ દેસાઈ, મહેશ પટેલ તથા જિગીષાબહેન પટેલે ઉમદા સહાય કરી હતી. આ સૌના સહયોગ તથા અનેક નામી-અનામી સાહિત્યરસિકોના ઉમદા સહયોગથી કાર્યક્રમ યાદગાર બન્યો હતો. અમેરિકાના કેલિફોર્નિયા સ્ટેટના બે એરિયામાં વસતા ભારતીય સાહિત્યકારો, સંગીતકારો તથા અનેક કલારસિકોની ઉત્સાહપૂર્ણ હાજરી વચ્ચે ઉલ્લાસભર્યા વાતાવરણમાં કાર્યક્રમ સંપન્ન થયો હતો.

# વડાપ્રધાન મોદી અને મુખ્યમંત્રી યોગીના વિકાસે મુસલમાનો અને ભાજપની વચ્ચે અંતર ઓછું કર્યું છે : દાનિશ અંસારી

લખનૌ,તા.૧

ઉત્તરપ્રદેશની યોગી સરકારમાં એક માત્ર મુસ્લિમ મંત્રી દાનિશ અંસારી હાલના દિવસોમાં ચર્ચામાં છે તાજેતરમાં તેમણે લખનૌમાં મંત્રી પદ સંભાળ્યું હતું.દાનિશ અંસારીએ મુસ્લિમો દ્વારા ભાજપને મત ન આપવાના સવાલ પર કહ્યું હતું કે આ વિરોધ પક્ષો દ્વારા બનાવવામાં આવેલ એક માત્ર ભ્રમણા છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી યોગીના વિકાસે મુસ્લિમો અને ભાજપની વચ્ચેના અંતરને ઓછું કર્યું છે.



દાનિશ અંસારીએ કહ્યું કે આજે ઉત્તરપ્રદેશમાં કોઇ પણ સરકારી યોજનામાં તમામને કોઇ પણ ભેદભાવ વિના લાભ મળી રહ્યો છે તમામ સરકારી કાર્ય કોઇ પણ ભ્રષ્ટ્રાચાર વિના ચાલી રહ્યાં છે તેમણે કહ્યું કે જયારે તેઓ એક મુસ્લિમ બહુમતિવાળા વિસ્તારમાં એક ગરીબ પરિવારને મળવા ગયા તો તેમણે કહ્યું કે તે યોગી સરકારની મફત રાશન યોજનનાનો લાભ તેમને પણ મળી રહ્યો છે તેના માટે તેમણે એક પણ પૈસો કમીશન આપ્યું નથી જયારે ગત સરકારોમાં પૈસા વિના કોઇ કામ થતું ન હતું.

અંસારીએ કહ્યું કે ૨૦૨૨ વિધાનસભા ચુંટણીમાં ભાજપ સતત ચુંટણી જીતી ઈતિહાસ રચી ચુકી છે.લોકોએ મોદીજી અને યોગીજીના વિકાસને પસંદ કર્યો છે.લઘુમતિઓને ભાજપ પર પુરો વિશ્વાસ છે અને તે પાર્ટીની સાથે પુરી રીતે જોડાયેલ છે.જયારે હું ભાજપનો લઘુમતિ મોરચાનો અધ્યક્ષ હતો ત્યારે મેં મોટી સંખ્યામાં લઘુમતિઓને પાર્ટીમાં સામેલ થતા જોયા છે.

# શરદ યાદવ દિલ્હીના લુટિયંસ બંગલામાં બે મહીના સુધી રહી શકશે

,નવીદિલ્હી,તા.૧

જનતાદળ યુનાઇટેડના પૂર્વ અધ્યક્ષ શરદ યાદવને દિલ્હી ખાતે સરકારી બંગલો ખાલી કરવાના મામલામાં સુપ્રીમ કોર્ટમાંથી બે મહીનાની રાહત મળી છે.સુપ્રીમ કોર્ટે યાદવને ૩૧ મે સુધી સરકારી બંગલો ખાલી કરવા જણાવ્યું છે.

આ પહેલા દિલ્હી હાઇકોર્ટે શરદ યાદવને ૩૦ માર્ચ સુધી સરકારી બંગલો ખાલી કરવાનો આદેશ આપ્યો હતો ત્યારબાદ યાદવે સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો શરદ યાદવના વકીલ કપિલ સિબ્બલે કહ્યું કે યાદવની વધતી ઉમર અને ખરાબ આરોગ્યને ધ્યાનમાં રાખી તેમને કેટલોક સમય આપવામાં આવ્યા છે.શરદ યાદવ મેમાં સરકારી બંગલો ખાલી કરવા તૌયાર છે. યાદવે ૨૪ માર્ચે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી તેમણે સુપ્રીમ કોર્ટમાં માંગ કરી હતી કે લુટિયંસ દિલ્હીમાં તેમને મળેલ બંગલો હાલ ખાલી ન કરાવવામાં આવે યાદવ છેલ્લા ૨૨ વર્ષથી લુટિયંસ દિલ્હીના એક બંગલામાં રહી રહ્યાં છે પાર્ટીમાં આંતરિક વિવાદ અને મતભેદ બાદ ડિસેમ્બર ૨૦૧૭માં શરદ યાદવનો રાજયસભાના સભ્ય પદેથી અયોગ્ય જાહેર કરવામાં આવ્યા હતાં જો કે તેમણે પોતાની અયોગ્યતાને હાઇકોર્ટમાં પડકાર આપ્યો છે મામલો હાલ કોર્ટમાં લંબિત છે.શરદ યાદવે ૨૦ માર્ચ ૨૦૨૨માં પોતાની પાર્ટી લોકતાંત્રિક જનતાદળનું લાલુ પ્રસાદ યાદવની પાર્ટી રાજદમાં વિલય કર્યું હતું




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




NOG S S 0089

શીર્ષક મારી દીકરી

ગદ્ય

મમ્મી, હું કેટલા બધા મહિના પછી આવી છું. મને શુભમે ૧૫ દિવસ.

રહેવાની હા પણ પાડી છે. શગુન આજે ખૂબ ખુશ હતી.

ઘરમાં ભાભી હતી. ભાભી અને ભાઈને બે બાળકો હતા. શગુનને બાળકો સાથે રમવું ખૂબ ગમતું. શુભમ ને કોઈ ભાઈ કે બહેન ન હતા. લગ્ન થયાને બે વર્ષ થયા હતા.

કોલેજકાળથી પ્રેમ હતો જે લગ્નમાં પરિણમ્યો હતો.

શુભમ ના મમ્મી અને પપ્પા, શગુનને દીકરીની જેમ રાખતા.

શગુન પણ મમ્મી અને પપ્પાને ખૂબ પ્યાર આપતી. શુભમ મનોમન.

પ્રભુનો આભાર માનતો કે શગુન ખૂબ સરસ રીતે ઘરમાં ગોઠવાઈ ગઈ હતી.

સાસુમા હંમેશા દરેક બાબતમાં શગુન નો અભિપ્રાય લેતા. તેની આવડતના વખાણ કરતા થાકતા નહી.

સસરાજીને તો સવારનો પહેલો કપ ચા શગુન બનાવે તે જ ચાલે. એટલું જ નહી બન્ને સાથે બેસી મોજ માણે. સાસુમા ચા પીએ નહિ અને શુભમ લેટ લતીફ મોડો ઉઠે. સાસુમા સાથે બેસે અને સાથે લીંબુ પાણી પીએ. ભલે ઘરમાં મહારાજ હોય . સવારનું આ કાર્ય શગુને પ્રેમથી સ્વીકારી લીધું હતું.

હવે શગુન પિયર ગઈ હતી. મમ્મી અને પપ્પા ચા અને લીંબુ પાણી પીએ પણ મજા ન આવે. શગુન પિયર ગઈ હતી. શગુન સવારે ઊઠી અને ચા પીવા બેઠી કે ઘરની યાદ આવી ગઈ. મમ્મી એ પૂછ્યું ,કેમ બેટા ચા સારી નથી થઈ.

'ના મમ્મી એવું નથી‌.

મમ્મી તેની સાથે આવી બેઠી. ચા નો કપ મ્હોં સુધી આવીને અટકી ગયો. પી જ ના શકી. મમ્મી છાની નજરે જોતી હતી.

'કેમ બેટા, અચાનક શું થઈ ગયું ? ચામાં ખાંડ ભૂલી ગઈ છું '?

'ના, ના મમ્મી . '

'તો પછી શું છે ? હું જોઈ રહી છું. તને ચા એકલી પીવી ગમતી ન હતી એટલે હું તારી સાથે આવીને બેઠી. છતાં પણ ચા પી નથી શકતી !‌

'અરે, મમ્મી શું વાત કરું. છેલ્લા છ મહિનાથી પપ્પાજી અને હું સાથે બેસીને ચા પીએ છીએ. તેમની રસપ્રદ વાતો અને ચા સાથે નાસ્તો, આદત બદલાઈ ગઈ છે. પપ્પાજી યાદ આવી ગયા.

'અરે વાહ, મારી દીકરી સાસરીમાં ઘુલમિલ ગઈ છે.

'હા, મમ્મી એ વાત સાવ સાચી છે. પપ્પાજી અને મમ્મી મને ખૂબ પ્યાર આપે છે.

'શુભમ?

'અરે એની તો વાત ન પૂછીશ, બંને મારા પક્ષમાં છે એ જાણી ઈર્ષ્યા કરી અડધો થઈ જાય છે ! '

મમ્મીના મુખ પર પ્રસન્નતાનું સામ્રાજ્ય છવાઈ ગયું "હાશ મારી દીકરી સાસરામાં સમાઈ ગઈ".

શગુન આવી હતી પંદર દિવસ રહેવા, અઠવાડિયામાં .શગુન ક્યારે લેવા આવે છે?

પ્રવિણા અવિનાશ

--------------------------------------------------

NOGss-106

નામઃ-મુક્તિદા કુમાર 'મનચલી'

પ્રકાર -પદ્ય

વિષય-કવિતા અથવા વાર્તા

શબ્દ-૯૦

"કામવાળીની વ્યથા"

મુક્તિદા કુમાર<br>'મનચલી'

ઘર ગૃહિણી થવાતું નથી!<br>
મીરા બની જાઉં તો??<br>
રુક્મણિ બની જોઉં તો??<br>
ચાલને!શેઠાણી બની જાઉં!<br>
આ રોબોટિક 'વેક્યૂમ- ક્લીનર' ખરીદી<br>
શેઠાણી બની જોઉં તો?<br>
હવે, હું તો શેઠાણી !!<br>
સ્પેશ્યલ વોચ માટે,<br>
એ રોબોટિક ઉપર<br>
'આંખ રાખવા'<br>
બીજો સ્પેશ્યલ રોબો શોધું છું..જે..<br>
'ખુરશી નીચેથી સરખું વાળ,<br>
ઓય! 'ગોળ-ગોળ ગરબા' લીધે રાખસ પણ સરખું<br>
ઝાડુ કાં ન માર??<br>
તારે ચાર્જ થાવું? કે<br>
ખૂણે રહેવું?? આમનેઆમ?<br>
આ જો...<br>
સ્વીચ મારા હાથમાં છે.<br>
અરે! અલેક્ષા!<br>
જોતો..<br>
સાંજે વરસાદના શું વાવડ?"<br>
મીરા બની જીવાતું નથી,<br>
રુકમણિ બની જાઉં તો?<br>
ના રે..! શેઠાણી બની જાઉં<br>
હું શેઠાણી બની જાઉં તો?

--------------------------------------------------

NOG SS No : 114

પ્રકાર : વાર્તા

વિભાગ :ગદ્ય

શિર્ષક : જીંદગીનો રંગ કાળો.

શબ્દ સંખ્યાઃ૧૯૮.

રચનાઃ

જન્મતાની સાથે જ મા-બાપને ભરખી જનારી દીકરીનું નામ કાકા- કાકીએ કાળી પાડી દીધુ. વધ્યું ઘટ્યું ખાવાનું કાળીને આપતા અને કાળમુખી છપ્પર-પગી મા-બાપને ભરખી જનાર જેવા નામથી કાકી કાળીને બોલાવતા અને આખો દિવસ કામ કરાવતા.

નામ ભલે કાળી હોય પણ રૂપ રૂપનો અંબાર હતી કાળી. યુવાનીમા પ્રવેશતા કાળી સોળે શણગારેલા સપનાઓ સેવવા લાગી.મારા સપનાનો રાજકુમાર મારી જિંદગીમાં રંગ ભરશે અને હવે મારી જિંદગીમાં રંગો છલકશે. જેની ખુશી મનોમન કાળી રાતે દિવસ શણગારી સપનાઓ સેવા લાગી,પણ

કાકી ના મનમાં લાલચ જાગી અને કાકીએ અઢાર વર્ષની ઉંમરે પૈસાની લાલચમાં એક દેહવેપારીને કાળી વેચી દીધી.

નામ તો કાળી જ હતું ,પણ હવે આખી જીંદગીનો રંગ પણ કાળો થઈ ગયો.

નામ- કથીરીયા પ્રવિણા.

ઉપનામ - "પવિ".

ગામ - હાલ નવસારી.વતન -જુનાગઢનું ઉમરાળી.

--------------------------------------------------

N.O.G.SS.NO.0026

ઝઝલ- ક્યાં સુધી?

ગાલગાગા ગાલગાગા ગાલગાગા ગાલગા.રમલ છંદ

આગમન આંસુનું ખાળું, તોય ખાળું ક્યાં સુધી?<br>
પાંપણોની પાળ પર રાખું હું તાળુ ક્યાં સુધી?<br>
નાં એ પલકારો કરે નાં રાતના મીંચાય છે,<br>
ઝૂરતી આંખોથી તારા સ્વપ્નો ભાળું ક્યાં સુધી!<br>
દર્દ, પીડા ને કસકને અવગણી શકતી નથી,<br>
રોજનાં છે રાહબર, એને હું વાળું ક્યાં સુધી!<br>
ક્યાં ભરાસો શ્વાસનો કે આવીને મળશે સદા!<br>
રોજ મળવાની શરતને બોલો પાળુ ક્યાં સુધી?<br>
જિંદગીનાં રણમહીં સુખ ઝાંઝવા નામે છળે,<br>
બુંદ ઝાકળની ઝરણમાં લાવી ઢાળું ક્યાં સુધી?

અંજના ગાંધી " મૌનુ", વડોદરા

## વડાપ્રધાનશ્રીનરેન્દ્રભાઈ મોદીએ બોર્ડનીપરીક્ષા આપી રહેલા દેશભર ના વિદ્યાર્થીઓ સાથે'પરીક્ષા પેચર્ચા' અંતર્ગત સંવાદ કર્યો



વડાપ્રધાનશ્રી વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નોનો જવાબ આપ્યામંત્રીશ્રી કુબેરભાઈ ડીડોર અમદાવાદજિલ્લાનાસાણંદમાં આવેલીમોડેલસ્કૂલમાં વિદ્યાર્થીઓ સાથે'પરીક્ષા પેચર્ચા' કાર્યક્રમમાં સહભાગી થયા

આજે પ્રધાન મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ નવી દિલ્હીના તાલ કટોરા સ્ટેડિયમથી દેશભરના વિદ્યાર્થીઓ સાથે 'પરીક્ષા પે ચર્ચા' કરીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ વેળાએ રાજ્યકક્ષાના મંત્રીશ્રી કુબેરભાઈ ડીડોર અમદાવાદ જિલ્લાના સાણંદમાં આવેલી મોડેલ સ્કૂલમાં વિદ્યાર્થીઓ સાથે આ કાર્યક્રમમાં સહભાગી થયા હતા.ધારાસભ્ય શ્રી કનુભાઇ પટેલ, સ્કૂલના આચાર્ય તેમજ શિક્ષકો અને વાલીઓ આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, 'પરીક્ષા પે ચર્ચા' એક બહુપ્રતિક્ષિત વાર્ષિક કાર્યક્રમ છે. જેમાં વડાપ્રધાનશ્રી એક જીવંત કાર્યક્રમમાં પોતાની આકર્ષક શૈલીમાં પરીક્ષાના તણાવ અને સંબંધિત ક્ષેત્રોના વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબ આપે છે.

## મુસ્લિમ યુનિવર્સિટી બનાવવાની માંગ કરનાર અકીલ અહમદને કોંગ્રેસે છ વર્ષ માટે પાર્ટીમાંથી બહાર કર્યા

દહેરાદુન,તા.૧

ઉત્તરાખંડ વિધાનસભા ચુંટણીમાં મુસ્લિમ યુનિવર્સિટીની માંગને લઇ વિવાદોમાં આવેલ અકીલ અહમદને પાર્ટીએ બહારનો માર્ગ બતાવી દીધો છે.કોંગ્રેસે અનુશાસન તોડવાના આરોપમાં તેમને છ વર્ષ માટે પાર્ટીના પ્રાથમિક સભ્ય પદેથી હાંકી કાઢયા છે. પાર્ટીના પ્રદેશ મહામંત્રી મથુરાદત્ત જોશીએ પત્ર જારી કર્યો છે તેમાં કહેવામાં આવ્યું છે કે વિધાનસભા ચુંટણી દરમિયાન મીડિયામાં સતત બિનજરૂરી નિવેદનબાદીતી પાર્ટીની તસવીરને નુકસાન થયું છે.૮ ફેબ્રુઆરીના રોજ બિનજરૂરી નિવેદનબાજી બંધ કરવાની સલાહ આપતા કારણ બતાવો નોટીસ જારી કરી હતી આમ છતાં સતત મીડિયામાં નિવેદનબાજી કરવામાં આવી રહી હતી જેને કેન્દ્રીય નેતૃત્વે ગંભીરતાથી લીધી છે.

પાર્ટીથી બહાર કાઢયા બાદ પણ અકીલ અહમદના વલણમાં કોઇ નરમી આવી નથી બરતરફ કર્યા બાદ પણ તેમણે કહ્યું કે પ્રદેશમાં મુસ્લિમ યુનિવર્સિટી બનીને રહેશે પછી તેના માટે તેમને ફંડ કેમ માંગવો પડે નહીં જયારે હાર માટે ઠીકરૂ પોતાના પર ફોડવાને લઇ કહ્યું કે ૨૦૧૭માં તેમણે કયું નિવેદન આપ્યું હતું જેને કારણે પાર્ટી ચુંટણી હારી ગઇ હતી હરીશ રાવત પર નિશાન સાધતા કહ્યું કે કોંગ્રેસના તત્કાલીન મુખ્યમંત્રી તો બે બે બેઠકોથી ચુંટણી હારી વિધાનસભા ચુંટણી હારી ગયા હતાં.

મુસ્લિમ યુનિવર્સિટી ઉત્તરાખંડ વિધાનસભા ચુંટણીમાં મોટો મુદ્દો બની ગયો હતો કોંગ્રેસ નેતા હરીશ રાવતે કહ્યું હતું કે ભાજપના નેતા અને એક કોંગ્રેસી નેતા તેમની તસવીર ખરાબ કરવાનો પ્રયાસ કરી રહ્યાં છે જો તેમણે પ્રદેશમાં મુસ્લિમ યુનિવર્સિટી બનાવવાને લઇ કોઇ નિવેદન આપ્યું હશે તો તે રાજનીતિ છોડી દેશે

અકીલ અહમદે કહ્યું કે મુસ્લિમ યુનિવર્સિટીની માંગ એક સામાન્ય માંગ હતી પરંતુ ચુંટણીમાં ભાજપ નેતાઓએ તેને મુદ્દો બનાવી મતોનું ધ્રુવીકરણ કરી દીધું કોંગ્રેસ આ મુદ્દાને કારણે ચુંટણી હારી નથી ફકત મોટા નેતા જ હારની જવાબદારી લેવાથી બચવા માટે ઠીકરૂ મારા પર ફોંડી રહ્યાં છે તેમણે કહ્યું હતુ કે ૨૦૨૪ની લોકસભા ચુંટણીમાં હરિદ્વાર લોકસભા બેઠકથી પાર્ટીની ટિકિટ માંગશે જો પાર્ટીએ ટિકિટ નહીં આપી તો તે અપક્ષ તરીકે ચુંટણી લડશે

એ યાદ રહે કે તાજેતરમાં પુરી થયેલી વિધાનસભા ચુંટણીમાં ભાજપને ૭૦ બેઠકોમાંથી ૪૭ બેઠકો હાંસલ થઇ હતી જયારે કોંગ્રેસને માત્ર ૧૯ બેઠકો પર જીત હાંસલ થઇ હતી અને કોંગ્રેસ સત્તામાંથી બહાર થઇ હતી

## રાજ્યમાં રખડતા ઢોર નિયંત્રણ માટે ખાસ વિધેયક પસાર કરવા મોડી રાત્રે ૧.૩૭ વાગ્યા સુધી વિધાનસભા બેઠક ચાલી

ગાંધીનગર,તા. ૧

રાજયમાં રખડતા ઢોર નિયંત્રણ માટે ખાસ વિધેયકના અનુસંધાનમાં સત્તા પક્ષ અને વિપક્ષ કોંગ્રેસના ધારાસભ્યો વચ્ચે મોડી રાત સુધી લંબાણ પૂર્વકની ચર્ચા ચાલી હતી. એટલું જ નહીં મધ્ય રાત સુધી ચાલેલી આ ચર્ચાએ અગાઉની તમામ વિધાનસભા બેઠકોના રેકર્ડ બ્રેક કર્યા હોવાનું પણ મનાઈ રહ્યુ છે.ગુજરાત વિધાનસભાના છેલ્લા બજેટ સત્રના છેલ્લા દિવસે એટલેકે ૩૧ માર્ચની મધ્ય રાત્રિ પછી તા. ૧એપ્રિલે પણ ગૃહની કાર્યવાહી ચાલી હતી. જેમાં વિધાનસભા ગૃહમા બંને પક્ષના ૭૩ થી વધુ ધારાસભ્યો હાજર હતા. અને રખડતા ઢોર નિયંત્રણ વિધેયક (પ્રસ્તાવિત કાયદા) સંદર્ભે ચર્ચા કરી હતી. તો બીજી તરફ આ વિધેયક પસાર થયા બાદ વિધાનસભાના સભ્ય કાળા ભાઈ ડાભીએ પ્રસ્તાવ રજૂ કર્યો હતો. ત્યારે છેલ્લા દિવસના પ્રસ્તાવ ઉપર પણ કામકાજ સલાહકાર સમિતિ માં નક્કી થયા મુજબ સત્તા પક્ષ અને વીપક્ષના સભ્યો વચ્ચે ૧ કલાક ચર્ચા ચાલી હતી. ઉલ્લેખનીય છે કે વિધાનસભામા ગૃહમાં સત્રના અંતિમ દિવસે શહેરોમા રખડતા ઢોર નિયંત્રણ વિધેયક -૨૦૨૨ ભાજપ સરકારે બહુમતીના જોરે પસાર કરાવી લીધુ છે.

## મોડાસા : લાયન્સ સોસાયટી સંચાલિત શ્રી.વી.એચ.ગાંધી બહેરા મૂંગા શાળાના વાર્ષિકોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

મોડાસા શહેરમાં આવેલી લાયન્સ સોસાયટી સંચાલિત શ્રી.વી.એચ ગાંધી બહેરા મૂંગા શાળામાં અરવલ્લી જીલ્લા સહીત આજુબાજુના જીલ્લાના દિવ્યાંગ બાળકો અભ્યાસ કરી રહ્યા છે બહેરા મૂંગા શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધાઓમાં શાળા અને શહેરનું નામ સમગ્ર રાજ્યમાં ગુંજતું કર્યું છે અરવલ્લી જીલ્લા રમત ગમત કચેરીના સૌજન્યથી રાજ્ય સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ અને બહેરા મૂંગા શાળા પરિવાર દ્વારા વાર્ષિકોત્સવની



રંગારંગ ઉજવણી કરવામાં આવી હતી જેમાં દિવ્યાંગ બાળકોની પ્રતિભાએ મહેમાન અને ટ્રસ્ટીઓના હૃદયમાં આગવું સ્થાન બનાવ્યું હતું શ્રી.વી.એચ.ગાંધી બહેરા મૂંગા શાળામાં અભ્યાસ કરતા બાળકોએ વાર્ષિકોત્સવની ઉજવણીનો પ્રારંભ સ્વાગત ગીત સાથે કરી બાળકોએ તેમનામાં રહેલી બહુમુખી પ્રતિભાના દર્શન કરાવતા વેશભૂષા, લોક નૃત્ય, ગરબા અને નાટક સહીતના સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ ડૉ.ટી.બી.પટેલ,જીલ્લા પ્રાંત યુવા અધિકારી બીજલ પટેલ, સમાજ સુરક્ષા વિભાગના અજીતસિંહ, લાયન કમલેશ પટેલ,સંસ્થાના મંત્રી મનુભાઈ પટેલ, ભાવેશભાઈ જયસ્વાલ ,લાયન્સ પ્રમુખ ગિરીશભાઈ પટેલ અને સંસ્થાના હોદ્દેદ્દારો, દાતાઓ, શહેરના આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા આ વાર્ષિકોત્સવને સફળ બનાવવા શાળા પરિવાર અને આઈટીઆઈ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી સમગ્ર કાર્યક્રમનું સંચાલન રમેશ ચૌધરીએ કર્યું હતું

## ગુજરાત રાજ્યને જીએસટીના અમલીકરણ બાદ વર્ષ ૨૧-૨૨માં થયેલ સૌથી વધુ આવક

વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન રાજ્યને જીએસટી, વેટ અને વળતરની રકમ મળીને રૂ. ૮૬,૭૮૦ કરોડની આવક થયેલ છે. જે જીએસટી અમલીકરણ બાદની અત્યાર સુધીની સૌથી વધુ આવક છે.

આજ રીતે માર્ચ-૨૦૨૨ માં ગુજરાત રાજ્યને જીએસટીની રૂ. ૪,૫૩૦ કરોડની આવક થયેલ છે જે જીએસટી કાયદાના અમલીકરણ બાદની સૌથી વધુ માસિક આવક છે. જે ગત માર્ચ-૨૦૨૧ની આવક રૂ. ૩,૫૨૩ કરોડ કરતા રૂ. ૧,૦૦૭ કરોડ વધુ છે. જે ૨૮.૫૬% નો ગ્રોથ દર્શાવે છે. જ્યારે ફેબ્રુઆરી-૨૨ની રૂ. ૪,૧૮૯ કરોડની આવક કરતાં ૮% વધુ છે.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન રાજ્યને થયેલી રૂ. ૮૬,૭૮૦ કરોડની આવક ગત વર્ષ ૨૦૨૦-૨૧ની રૂ. ૬૬,૭૨૩ કરોડની સરખામણીમાં રૂ. ૨૦,૦૫૭ કરોડ વધુ છે.

કોવિડ-૨૦૧૯ મહામારીના કારણે અગાઉ આર્થિક પ્રવૃત્તિઓ ધીમી થયેલ હોઇ ગત વર્ષ ૨૦૨૦-૨૧માં રાજ્યની આવકને અસર થયેલ. તેની સરખામણીમાં વર્ષ ૨૦૨૧-૨૨માં થયેલી આવક જોતાં ગુજરાત રાજ્યનુ અર્થતંત્ર કોવિડ-૧૯ મહામારીની અસરોથી ઝડપથી બહાર આવી રહેલ છે તે દર્શાવે છે.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન જીએસટી હેઠળ કુલ રૂ. ૪૫,૪૬૪ કરોડની આવક થયેલ છે. જે વર્ષ ૨૦૨૦-૨૧ ની આવક રૂ. ૩૦,૬૯૭ કરોડ કરતા રૂ. ૧૪,૭૬૭ કરોડ વધુ છે જે ૪૮.૧૦% નો ગ્રોથ દર્શાવે છે.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન રાજ્યને વેટ પેટે કુલ રૂ. ૩૦,૧૩૭ કરોડની આવક થયેલ છે. જે વર્ષ ૨૦૨૦-૨૧ ની આવક રૂ. ૨૦,૮૨૭ કરોડ કરતા રૂ. ૯,૩૧૦ કરોડ વધુ છે, જે ૪૪.૭૦% નો ગ્રોથ દર્શાવે છે.

## શ્રી ઘનશ્યામ મહારાજ સુવર્ણ પ્રતિષ્ઠા મહોત્સવ બાવળા ક્લોઝિન્ગ સેરેમની, સુવર્ણપ્રતિષ્ઠોત્સવ, અન્નકૂટ દર્શન વગેરે અધ્યાત્મસભર કાર્યક્રમ યોજાયો



×સૌરાષ્ટ્રના પ્રવેશદ્વાર× તરીકે ઓળખાતા બાવળા શહેરના ધોળકા રોડ સ્થિત શ્રી સ્વામિનારાયણ મંદિરનો સુવર્ણ પ્રતિષ્ઠા મહોત્સવ દબદબાભેર ઉજવવામાં આવ્યો હતો. શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર સનાતનધર્મસમ્રાટ્ જીવનપ્રાણ શ્રી મુક્તજીવન સ્વામીબાપા એ ભાલ - નળકાંઠાના સત્સંગી હરિભક્તો માટે ઈ.સ. ૧૯૭૧ માં શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા તત્સંકલ્પ સ્વરૂપોની પ્રતિષ્ઠા કરી હતી. તેનો સુવર્ણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રેરણા મૂર્તિ શ્રી સ્વામિનારાયણ ગાદીના પંચમ વારસદાર આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજ તથા અધ્યક્ષ પ્રવર્તમાન આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજના સાનિધ્યમાં ચાર દિવસીય મહોત્સવ પરમ ઉલ્લાસભેર સંતો અને હરિભક્તોએ ઉજવ્યો હતો. શ્રી સ્વામિનારાયણ મંદિર, બાવળા ભાઈઓ અને બહેનોનાં મંદિરનો સુવર્ણ પ્રતિષ્ઠોત્સવ ષોડશોપચાર પૂજન વિધિ, અન્નકૂટ દર્શન, આરતી વગેરે અધ્યાત્મસભર કાર્યક્રમ યોજાયો હતો. આ પાવનકારી અવસરે વેદરત્ન આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજ તથા પ્રવર્તમાન આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજના આશીર્વાદ, તે તે સદ્ ગ્રંથોની પારાયણની પૂર્ણાહુતિ, સ્વામીજી મહારાજનું યથાયોગ્ય સન્માન વગેરે - મહોત્સવની ક્લોઝિન્ગ સેરેમની કરવામાં આવી હતી. આ મહોત્સવમાં વિશાળ સંતવૃંદ તથા દેશ વિદેશમાંથી હજારો હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. સૌ કોઈએ અવિસ્મરણીય ×શ્રી ઘનશ્યામ મહારાજ સુવર્ણ પ્રતિષ્ઠા મહોત્સવ× નો અણમોલ લ્હાવો માણ્યો હતો.

### અબ કી બાર મોંઘવારી કી માર

## અદાણીએ સીએનજીના ભાવમાં ૫ રૂપિયાનો તોતિંગ વધારો કર્યો

,અમદાવાદ,તા.૧

ગુજરાતની પ્રજા પર મોંઘવારીનો વધુ એક માર પડ્યો છે. ગઈકાલે નેચરલ ગેસના ભાવમાં વધારો થયા બાદ આજે અદાણી ગેસે સીએનજી અને પીએનજીના ભાવમાં ધરખમ વધારો કર્યો છે. સીએનજીના ભાવમાં પ્રતિ કિલોએ ૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. જ્યારે પીએનજીના ભાવમાં અંદાજે પ્રતિ એમએમબીટીયુ ૧૨૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.

આજે સીએનજીના ભાવમાં વધારો કર્યા બાદ ગુજરાતમાં સીએનજીનો નવો ભાવ ૭૯.૫૯ રૂપિયાએ પહોંચી ગયો છે. આ પહેલા જૂનો ભાવ પ્રતિ કિલો ૭૪.૫૯ રૂપિયા હતો. આ પહેલા છેલ્લે ૨૪ એપ્રિલ એટલે કે એક સપ્તાહ પહેલા પ્રતિ કિલો સીએજીના ભાવમાં ૧.૫ રૂપિયાનો વધારો થયો હતો.મોંઘવારીના માર વચ્ચે સીએનીજીના ભાવમાં વધારો ઝીંકાયો છે. સીએજીના ભાવમાં પાંચ રૂપિયાનો વધારો ઝીંકવામાં આવ્યો છે. અમદાવાદમાં ઝ્દ્વ્નો જુનોભાવ ૭૪ રૂપિયા ૫૯ પૈસા હતા..તો હવે ૭૯ રૂપિયા ૫૯ પૈસા થયો છે. સરકારે વૈશ્વિક સ્તરે ઈંધણના ભાવ વધવાને કારણે દેશમાં કુદરતી ગેસના ભાવ વધારી બમણા થયા છે. જેથી ગ્રાહકો પર દસથી પંદર ટકાનો નવો બોજ આવી પડે તેવી શક્યતા છે. ઉદ્યોગ ક્ષેત્રમાં ચર્ચા છે કે , સરકાર પૂર્ણ જથ્થો ઉપલબ્ધ બનાવે તો સીએનજી બાદ પીએનજીના ભાવમાં પ્રતિ કિલો કમસેકમ પાંચ રૂપિયાનો વધારો આગામી દિવસોમાં જાહેર કરાય તેવી શક્યતા છે.

# વિદ્યાર્થીઓના ધમાકેદાર પર્ફોર્મન્સ અને અસાધારણ મહિલા પ્રતિભાઓને એવોર્ડ એનાયત કરી, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીએ તેના ૫મા સ્થાપના દિવસ પર સ્વર્ણોત્સવ ની ઉજવણી કરી

૧ એપ્રિલ ૨૦૨૨ અમદાવાદઃ સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપનારી ભારતની પ્રથમ યુનિવર્સિટી, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીએ, તેના ૫મા સ્થાપના દિવસ નિમિત્તે ×સ્વર્ણોત્સવ× ની ઉજવણી કરી. યુનિવર્સિટી,વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીઓની સિદ્ધિઓને બિરદાવવામાં આવી હતી. સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીએ સમાજમાં પોતાનું યોગદાન આપતી અસાધારણ મહિલા પ્રતિભાઓને તેમના યોગદાન બદલ 'વુમન એક્સેલન્સ એવોર્ડ ૨૦૨૨' એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સ્વર્ણિમ મહિલા સેલ દ્વારા સ્થાનિક કારીગરોને ટેકો આપવા, ગ્રામીણ મહિલાઓને સશક્ત બનાવવા અને સ્વર્ણિમ ડિઝાઈનના વિદ્યાર્થીઓને વ્યવહારુ એક્સપોઝર આપવા માટે 'સ્વર્ણકારી' પહેલ શરૂ કરવામાં આવી અને સાથે સાંસ્કૃતિક કાર્યક્રમોથી ભરપુર મનોરંજનની રંગીન સાંજ હતી જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ધમાકેદાર ડાન્સ પર્ફોર્મન્સ, રેમ્પ વૉક, ગાયન, ફેશન શો, મ્યુઝિકલ ડ્રામા અને સ્કીટ્સ




ભજવવામાં આવી હતી. શૈક્ષણિક, સાંસ્કૃતિક અને રમતગમતની પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે વિદ્યાર્થીઓને મેડલ અને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના ફાઉન્ડર અને પ્રેસિડેન્ટ શ્રી ઋષભ જૈને ૫માં સ્થાપના દિવસ પર તેમના વિચારો શેર કરતાં જણાવ્યું હતું કે, ×આ વર્ષે અમે યુવાઓને પ્રગતિશીલ જ્ઞાન પ્રદાન કરવાની સાથે સશક્ત કરવાના પાંચમા ગૌરવશાળી વર્ષની ઉજવણી કરી રહ્યા છીએ. સ્વર્ણિમ વિદ્યાર્થીઓને આવતીકાલના ઉદ્યોગસાહસિક, રોજગારીયોગ્ય અને ઉજ્જ્વળ કારકિર્દી માટે સક્ષમ બનાવે છે, જેમાં સંશોધન, ઓનસાઈટ લર્નિંગ વગેરે સહિતની ઈમર્સિવ લર્નિંગ ફિલસૂફીને અનુસરીએ છીએ. અમે સૌથી યુવા યુનિવર્સિટી તરીકે ઘણા માઈલસ્ટોન હાંસલ કર્યા છે અને સમાજની સેવા કરવાની અમારી પ્રતિબદ્ધતાને જાળવી રાખીને વિદ્યાર્થીઓને અમારું શ્રેષ્ઠ શિક્ષણ પ્રદાન કરવાનું ચાલુ રાખીશું.×

નોલેજ હબ તરીકે વર્ષ ૨૦૧૭માં સ્થપાયેલ સ્વર્ણિમ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન યુનિવર્સિટી,એન્જિનિયરિંગ, આર્કિટેક્ચર, ડિઝાઈન, સાયન્સ, મેનેજમેન્ટ, પેરામેડિકલ, એગ્રીકલ્ચર જેવી અન્ય સ્ટ્રીમ્સમાં ઈનોવેશન, સ્ટાર્ટઅપ અને એન્ટરપ્રેન્યોરશિપ અભ્યાસ ક્રમ શીખવવામાં આવે છે. નવીનતા અને ઉદ્યોગસાહસિકતાના પાયા પર આધારિત શિક્ષણ આપતી વૈશ્વિક સ્તરે સક્ષમ બનવવાના હેતુથી કાર્યરત છે.

સ્વર્ણિમ ઉદ્યોગસાહસિકો બનાવવાની સાથે વિદ્યાર્થીઓને ટોચની સંસ્થાઓ જેમ કે; ગુગલ, ટાટા, ઈન્ફોસિસ, ડેલ, એચ.પી., એલ એન્ડ ટી, એચ.ડી.એફ.સી. લાઈફ, વગેરે. માં પ્લેસમેન્ટ મળ્યુ છે. સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના ઈક્યુબેશન સેલ, મેન્ટરશિપ, ફંડિંગ, કો-વર્કિંગ સ્પેસ, પેટન્ટ સપોર્ટ, લીગલ સપોર્ટ, રિસર્ચ અને લેબ સુવિધાઓ, માર્કેટિંગ અને બ્રાન્ડિંગ સપોર્ટ આપીને સ્ટાર્ટઅપને ગુણાત્મક પ્રોત્સાહન આપી રહ્યું છે.

ખૂબ જ ઓછા સમયમાં, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીએ સરકાર શ્રી તરફથી પ્રતિષ્ઠિત માન્યતા પ્રાપ્ત કરી છે. સ્વર્ણિમને કેન્દ્રિય શિક્ષણ મંત્રાલયના ઈનોવેશન સેલ દ્વારા ૪માંથી ૩.૫ સ્ટારનું ઉચ્ચ રેક્ન્ગિ પ્રાપ્ત થયું છે. સ્વર્ણિમ એ છઈંછ (અટલ ઈનોવેશન્સ એચિવમેન્ટ ૨૦૨૦) રેક્ન્ગિ હેઠળ ગુજરાતની ટોચની ૪ ખાનગી યુનિવર્સિટીઓ અને ભારતની ટોચની ૫૦ ખાનગી યુનિવર્સિટીઓમાં સ્થાન પ્રાપ્ત થયું છે અને ગુજરાત સરકાર, રાજ્યને શૈક્ષણિક હબ બનાવવા માટે શરુ કરેલ પહેલ ×સ્ટડી ઈન ગુજરાત×ના આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક ભાગીદાર પણ છે.

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીએ સમાજ સેવાના ઉદ્દેશ્યથી ગુજરાત સરકાર સાથે અનેક એમઓયુ કર્યા છે જેમ કે; પ્રાકૃતિક કૃષિ, ખેત પેદાશોની ડિલિવરી માટે ઇલેક્ટ્રિક વાહનનો ઉપયોગ, સસ્ટેનેબલ ઉર્જા અને ટેકનોલોજીમાં સંશોધનને સમર્થન આપવા અને વૈકલ્પિક દવાના ક્ષેત્રમાં નવીનતાને પ્રોત્સાહન આપવા માટેની કટિબદ્ધતા .

# ચાણસ્મા તાલુકામાં બે વર્ષ બાદ પ્રાથમિક શાળાઓમાં મધ્યાન ભોજન નો શુભારંભ થયો

### બે વર્ષ બાદ શાળામાં ભોજનની શરૂઆત થતા બાળકોમાં આનંદ છવાયો

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

બે વર્ષથી કોરોના ના કારણે પ્રાથમિક શાળાઓમાં મધ્યાન ભોજન યોજના સરકારના આદેશ અનુસાર બંધ હતી પરંતુ કરોના ધીરે ધીરે રાજ્યમાંથી ઓછો થઈ જતાં રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓમાં મધ્યાન ભોજન ની શરૂઆત કરવા અંગે આદેશ કરવામાં આવતા ગુરુવારથી ચાણસ્મા તાલુકા ની મોટાભાગની શાળાઓમાં મધ્યાહન ભોજન શરૂ કરવામાં આવતા બાળકોમાં શાળામાં જ ભોજન મળતા આનંદની લાગણી વ્યક્ત કરતા જોવા મળ્યા હતા પરંતુ કેટલીક



પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન નો સામાન પૂરતો મળેલ નથી જેના કારણે સોમવાર સુધીમાં ચાણસ્મા તાલુકા ની મોટાભાગની શાળાઓમાં મધ્યાહન ભોજન રાબેતા મુજબ શરૂ થઈ જશે ચાણસ્મા શહેર ની પ્રાથમિક કુમાર શાળા નંબર એકમાં મધ્યાન ભોજન ના પ્રથમ દિવસે શાળા પરિવાર ના શિક્ષકોએ પોતાના તરફથી બાળકોને ભોજન કરાવી મધ્યાન ભોજન યોજનાનો શુભારંભ કરાવ્યો હતો બાળકોએ પણ આનંદથી પ્રથમ દિવસે શાળામાં ભોજન લેવા નો આનંદ માણ્યો હતો

# જૂની પેન્શન યોજના મુદ્દે શિક્ષકોએ કાળી પટ્ટી પહેરીને બ્લેક ડે મનાવ્યો

સુરત,તા.૧

સુરતમાં જૂની પેન્શન યોજના મુદ્દે શિક્ષકો મેદાને ઊતર્યા છે.શિક્ષકો અને બિન શૈક્ષણિક કર્મીઓ કાળી પટ્ટી અથવા બ્લેક કપડા પહેરીને બ્લેક ડે મનાવ્યો છે.શિક્ષકો પડતર પ્રશ્નો અને જૂની પેંશન યોજનાના અમલ મુદ્દે આંદોલન કરી રહ્યા છે.રાજ્યના શિક્ષકો સાથે સુરતના શિક્ષકો પણ આજથી આંદોલનમાં જોડાયા છે.શૈક્ષણિક કાર્ય પહેલા શિક્ષકોએ બે મિનીટનુ મૌન પાળ્યુ હતુ. આ સાથે શાળા પરિસરમાં બેનર સાથે સુત્રોચાર કર્યો છે.

### અલગ અલગ તડ ગોળ માંથી આવેલ પ્રમુખો નું

# ભૂદેવ સેવા સમિતિ ના સંસ્થાપક અને બ્રહ્મયુવા અગ્રણી શ્રી તેજસ ત્રિવેદી દ્વારા ખેસ અને ભગવાન પરશુરામ ના ફોટો આપી સ્વાગત કરવામાં આવ્યું

રાજકોટ બ્રહ્મસમાજ ના અલગ અલગ મુખ્ય૧૫ તડગોડ ના પ્રમુખો ની નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ હોટેલ માં સૌ પ્રથમ વખત બેઠક મળેલ જેમાં આગામી દિવસોમાં બ્રહ્મસમાજ ની એક ચિંતન શિબિર નું આયોજન કરવા આવશે અને આ તકે બ્રહ્મ ચિંતન શિબિર સમિતિ ની રચના કરવામાં આવી આજ ની બેઠક માં બ્રહ્મ સમાજ ના અગ્રણી શ્રી તેજસ ભાઈ ત્રિવેદી ભૂદેવ સેવા સમિતિ, શ્રી કમલેશભાઈ જોશી ઝાલાવાડ બ્રહ્મસમાજ, શ્રી રાજેન્દ્રભાઈ દવેમોરબી-વાંકાનેર-ઝાલાવાડ-સતરતાલુકા-સમસ્ત બ્રહ્મસમાજ,શ્રી મનિષભાઈ ત્રિવેદી ગુજરાત હાલારી સામવેદ ચતુર્વેદી મોઢ, શ્રી પ્રશાંતભાઈ વ્યાસ વ્યાસ મચ્છુ કાકા,શ્રી ધનંજયભાઈ દવે અને ડો.રાજેશભાઈ ત્રિવેદી શ્રીમાળી બ્રહ્મસમાજ, શ્રી શિરીષભાઈ



ભટ્ટગુજરાતી શ્રી ગૌડ માળવીય,શ્રી જનકભાઈ મહેતા અને શ્રી વિપુલભાઈ દવે સૌરાષ્ટ્ર બાજ ખેળા બ્રહ્મસમાજ, શ્રી કેતનભાઈ બોરીસાગર રાજગોર બ્રાહ્મણ, શ્રી યોગેશભાઈ ભટ્ટ અને શ્રી સંદીપભાઈ પંડ્યા ચતુર્વેદી મચ્છુ કાઠાઈ મોઢ બ્રાહ્મણ, શ્રી લહેરુ યોગેન્દ્રભાઈસારસ્વત બ્રાહ્મણ,એડવોકેટ અને નોટરી શ્રી જયેશભાઈ જાનીહળવદ બ્રાહ્મણ સમાજ,

શ્રી જનાર્દનભાઈ આચાર્ય સતરતાલુકા-ઝાલાવાડ ઔદીચ્ય બ્રહ્મસમાજ,શ્રી પરેશભાઈ રાવલ હડિયાણા ચોવીસી,શ્રી દિલીપભાઈ જાની સંપાદક ભૂદેવ ટાઈમ્સ ઉપસ્થિત રહ્યા હતા

# જિલ્લા પંચાયત દાહોદ ખાતે રક્તદાન કેમ્પ યોજાયો



રક્તદાન કેમ્પમાં ૧૮૭ યુનીટ બ્લડ ડોનેટ કરતા જિલ્લાના કર્મયોગીઓ કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારીજિલ્લા પંચાયતના પ્રમુખએ રક્તદાન કરીને સૌને પ્રેરીત કર્યા જિલ્લા પંચાયત દાહોદ ખાતે આજે કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી, જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી, જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલાની પ્રેરક ઉપસ્થિતિમાં સ્વૈચ્છિક રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રક્તદાન કેમ્પમાં કલેક્ટરજિલ્લા વિકાસ અધિકારીજિલ્લા પંચાયતના પ્રમુખસહિતના મહાનુભાવો તેમજ અધિકારીઓ, કર્મચારીઓએ મોટી સંખ્યામાં રક્તદાન કરીને આ પુનિત કાર્યમાં સહભાગી થયા હતા.

જિલ્લા પંચાયત ખાતે યોજાયેલા આ રક્તદાન કેમ્પમાં કુલ ૧૮૭ યુનીટ બ્લડ કર્મયોગીઓએ ડોનેટ કર્યું હતું. આરોગ્યકર્મીઓએ પણ આ શિબિરમાં ઉત્સાહ સાથે ભાગ લઈ ૧૧૧ યુનીટ બ્લડ ડોનેટ કર્યું હતું. જિલ્લાના પદાધિકારીઓ, મહાનુભાવોએ રક્તદાન શિબિરમાં ભાગ લઈ સૌને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. આ વેળાએ કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ જણાવ્યું કે, જિલ્લામાં રક્તદાન બાબતે લોકજાગૃતિની જરૂર છે. વધુમાં વધુ લોકોએ રક્તદાન કરવું જોઈએ અને જરૂરીયાતમંદ વ્યક્તિની મદદ કરવી જોઈએ. જિલ્લામાં યોજાનારા રક્તદાન કેમ્પમાં લોકો સ્વૈચ્છિક રીતે જોડાય અને રક્તદાન કરે.

દાહોદ જિલ્લાની ઈન્ડિયન રેડક્રોસ શાખા, ડો. મોહસીનભાઈ એસ. લેનવાલા વોલન્ટરી બ્લડ બેંક અને જિલ્લા પંચાયત, દાહોદનાં સયુક્ત ઉપક્રમે સમગ્ર કાર્યક્રમ યોજાયો હતો.

તસવીર અભેસિંહ રાવલ દાહોદ

# ડાંગ જિલ્લામા યોજાશે "તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ"



આહવાઃ તાઃ ૦૧: મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક કાર્યક્રમના અનુસંધાને તાલુકાના પ્રજાજનોની ફરિયાદ કે પ્રશ્નોના નિવારણ માટે આગામી તા.૨૭/૦૪/૨૦૨૨ ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યા થી શરૂ કરીને લોકો તરફથી મળેલ ફરિયાદ કે પ્રશ્નોના નિવારણ અંગે "તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ× ડાંગ જિલ્લાના ત્રણેય તાલુકાઓમા યોજવામા આવનાર છે.

નિયત કાર્યક્રમ મુજબ આહવા તાલુકાનો કાર્યક્રમ કલેક્ટર કચેરી, આહવાના સભાખંડમા પ્રાયોજના વહિવટદારશ્રી, ટ્રાયબલ એરિયા સબ પ્લાન કચેરી-આહવાના અધ્યક્ષ સ્થાને, વઘઈ તાલુકાનો કાર્યક્રમ તાલુકા સેવા સદન-વઘઈ ખાતે પ્રાંત અધિકારીશ્રી, આહવા-ડાંગના અધ્યક્ષ સ્થાને, અને સુબીર તાલુકાનો કાર્યક્રમ તાલુકા સેવા સદન-સુબીર ખાતે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, આહવા-ડાંગના અધ્યક્ષ સ્થાને યોજાશે.

જેથી તાલુકાની જનતાને પોતાની ફરિયાદ કે પ્રશ્નો તા.૨૧/૦૪/૨૦૨૨ સુધીમા સંબંધિત કચેરીઓને બારોબાર મોકલી, તેની

### પ્રજાજનો તા.૨૧મી એપ્રિલ સુધી પ્રશ્નો મોકલી શકશે :

એક નકલ સંબંધિત મામલતદારશ્રી, આહવા/વઘઈ/સુબીર ને મોકલી આપવા જણાવાયુ છે. ન્યાયની કોર્ટમા ચાલતા વિવાદ, મહેસુલી કોર્ટને લગતા પ્રશ્નો, સબ જ્યુડીશીયલ પ્રશ્નો, તથા નોકરીને લગતા પ્રશ્નો આ કાર્યક્રમમા લક્ષમા લેવામા આવશે નહી. જેની પણ અરજદારોને નોંધ લેવા અનુરોધ કરાયો છે.

અરજદારોએ એક જ પ્રશ્ન, સંપૂર્ણ વિગતો સાથે સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરોમા રજૂ કરવાના રહેશે. રજૂ કરવામા આવનાર પ્રશ્નોના કવર ઉપર "તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૭/૦૪/૨૦૨૨" એમ અચૂક લખવા પણ જણાવાયુ છે. ઉપરાંત ફરિયાદ નિવારણ કાર્યક્રમના દિવસે અરજદારને ઉક્ત જણાવેલ સ્થળે સમયસર અચૂક હાજર રહેવા પણ એક અખબારી યાદી દ્વારા જણાવાયુ છે.

નરેન્દ્ર પવાર ડાંગ

# જિલ્લા પંચાયત પરિસર ખાતે સફાઈ અભિયાન કાર્યક્રમ યોજાયો



પદાધિકારીઓ, અધિકારીઓ, કર્મચારીઓએ જિલ્લા પંચાયત પરિસરને ચોખ્ખુંચણાક કરી દીધું આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે જિલ્લા પંચાયત પરિસર ખાતે સફાઈ અભિયાન કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી અને જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા સહિતના મહાનુભાવો, અધિકારીઓ, કર્મયોગીઓ આ સફાઈ અભિયાનમાં જોડાયા હતા. આ વેળાએ જિલ્લા પંચાયતના અધિકારીઓ, કર્મચારીઓ, જિલ્લા પંચાયતના પદાધિકારીઓ તેમજ સભ્યઓ, જિલ્લા ગ્રામવિકાસ એજન્સીના અધિકારીઓ અને કર્મચારીઓ પણ આ સફાઈ અભિયાનમાં જોડાયા હતા અને જિલ્લા પંચાયત પરિસરને ચોખ્ખુંચણાક કરી દીધું હતું. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી એ ઉપસ્થિત કર્મયોગીઓને સ્વછતાના શપથ લેવડાવ્યા હતા.

તસવીર અભેસિંહ રાવલ દાહોદ

# પંડિત દીનદયાલ સભાખંડ ખાતે દાહોદ જિલ્લા ભારતીય પત્રકાર સંઘ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

અભેસિંહ રાવલ દાહોદ

પંડિત દીનદયાલ સભાખંડ ખાતે દાહોદ જિલ્લા ભારતીય પત્રકાર સંઘ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરાયું હતું. કાર્યક્રમમાં કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી, જિલ્લા વિકાસ અધિકારી નેહાકુમારી, જિલ્લા પોલીસ વડા શ્રી હિતેશ જોયસર તેમજ ભારતીય પત્રકાર સંઘના પ્રદેશ પ્રમુખ શ્રી મહોમ્મંદ હનીફ ચોથીઆ સહિતના મહાનુભાવો તેમજ જિલ્લાના પત્રકારો ઉપસ્થિત રહ્યાં હતા.

આ પ્રસંગે કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ જણાવ્યું કે, 'સમાજની સમસ્યાઓના નિરાકરણ માટે પત્રકારની ભૂમિકા ઘણી મહત્વની છે. પત્રકારો લોકપ્રશ્નોને વાચા આપે છે. વહીવટી તંત્ર દ્વારા પણ આ સમસ્યાઓના સત્વરે નિકાલ માટે જરૂરી પગલા લેવામાં આવે છે.' તેમણે જિલ્લાના પત્રકારોની સહકાર સાથે કામ કરવાની ભાવનાને બિરદાવી હતી.



જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ જિલ્લાના પત્રકારોની સકારાત્મક ભૂમિકા વિશે વાત કરી હતી અને તંત્રની કામગીરીમાં સહકાર આપવા માટે ધન્યવાદ પાઠવ્યા હતા. આ વેળાએ જિલ્લા પોલીસ વડા હિતેશ જોયસરે આધુનિક સમય અને ટેકનોલોજી સાથે જવાબદાર પત્રકારત્વ વિશે વાત કરી હતી.ભારતીય પત્રકાર સંઘના પ્રદેશ પ્રમુખ મહોમ્મંદ હનીફ ચોથીઆએ પત્રકાર સંઘની કામગીરી વિશે વાત કરી હતી. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન દાહોદ જિલ્લા એઆઈજે પ્રમુખ ડો. ભૂપેન્દ્ર ચૌધરીએ કર્યું હતું અને ભારતીય પત્રકાર સંઘનો પરિચય આપ્યો હતો. તેમજ મંચ સંચાલન શ્રી ઈરફાન મલેકે કર્યું હતું. આ વેળાએ એઆઈજે પ્રદેશ પ્રમુખ વિનોદ પંચાલ, જિલ્લા સંઘના વિવિધ હોદ્દેદારો તેમજ સોથી પણ વધુ પત્રકારો ઉપસ્થિત રહ્યાં હતા.

# શ્રી આદિ જિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નવસારીના ચિખલી ગામ ખાતે ૨૩મા નિઃશુલ્ક પશુ ચિકિત્સા કેમ્પનું આયોજન

## રવિવાર તા.૦૩/૦૪/૨૦૨૨ના રોજ પશુ નિદાન કેમ્પ યોજાશે.

ભગવાન શ્રી મહાવીર સ્વામીની કરૂણા જગતના સર્વ જીવો પ્રત્યે વહેતી આવી છે. સર્વ જીવ સૃષ્ટિના રક્ષણનો બોધ જેમણે આપ્યો છે તેવા શ્રી મહાવીર સ્વામીના ઉપદેશનું આંશીક અનુસરણ કરવા શ્રી આદિ જિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નવસારીના ચિખલી ગામ ખાતે ૨૩મા નિઃશુલ્ક પશુ ચિકિત્સા કેમ્પનું આયોજન કરવાજઈ રહ્યા છે.આ કેમ્પ દરમિયાન ૧૫ જેટલા ગામોના ૧૦૦૦ જેટલા પશુઓને સારવારનો લાભ મળશે. વેટરનરી કોલેજ અને પોલીક્લીનીકના ડોકટરો તેમજ રાજકોટની એનિમલ હેલ્પલાઈનના ડોકટરો અને તેમના મદદનીશો સેવા આપશે.આ નિઃશુલ્ક પશુ ચિકિત્સા શિબિરનું આયોજન ક્રિકેટ ગ્રાઉન્ડ, બામનવાડા, ગામ-ચિખલી (નવસારી) ખાતે રવિવાર



તા.૦૩/૦૪/૨૦૨૨ના રોજસવારે ૯:૦૦થીસાંજના ૪:૦૦ વાગ્યા દરમિયાનકરવામાંઆવ્યુંછે. આ કેમ્પ દરમ્યાન હોર્ન કેન્સર, હરનીયા, પ્લાસ્ટિક રિમૂવલ, ગાઈનેક, ઓર્થોપેડિક જેવી સર્જરી કરવામાં આવશે. પશુ નિદાન કેમ્પનાં આયોજનમાં ટીંકુ મેમોરિયલ ટ્રસ્ટ તેમજ ગુજરાતનાં પશુપાલન વિભાગનો વિશેષ સહયોગ મળ્યો છે. આ કેમ્પનું આયોજન શ્રી આદિ જીન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ, તેમજ શ્રીમતી અરુણાબેન કીર્તિભાઈ શાહ તથા પરિવાર (જસપરા) , શ્રીમતી પ્રજ્ઞાબેન દીપકભાઈ શાહ તથા પરિવાર (પાટણ), શ્રીમતી હંસાબેન મનહરભાઈ શાહ તથા પરિવાર (પાટણ), શ્રીમતી ભારતીબેન અરુણભાઈ સંઘવી તથા પરિવાર (વાલકેશ્વર, મુંબઈ)નાં સહયોગથી કરવામાં આવ્યું છે. સમગ્ર આ કેમ્પમાં જોડાવવા તેમજ વધુ માહિતી મેળવવા માટે જયેશભાઈ શાહ (જરીવાલા) (મો.૯૯૨૦૪૯૪૪૩૩) , હિતેશભાઈ સંઘવી (મો. ૯૮૭૦૦ ૪૩૨૭૨) , અશોકભાઈ લોઢા (મો. ૯૮૨૦૨૭૪૬૨૦) , હીમાંશુભાઈ (મો. ૯૦૨૯૬૩૫૬૫૬) , નિલેશભાઈ રાયચૂરાનો સંપર્ક કરવા જણાવાયું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.